જે કાંઈ થોડી પાત્રતા છે તે ઈશ્વરે આપેલી છે. જેમ માતા-પિતા પોતાના બાળકની પ્રગતિ જોવા ઇચ્છે છે, યોગ્યતા પ્રમાણે તેની ઉન્નતિ માટે તેને બધી પ્રકારની મદદ કરે છે. તેઓ જાણે છે કે બાળકને ધન-દૌલત આપવાથી તે વેડફી નાખશે અને ભવિષ્યમાં તેને મુશ્કેલી થશે, એવું માનીને આપતા નથી, તો તે ન આપવામાં આપણું હિત છે. આ પ્રમાણે, ભગવાન મા-બાપથી પણ વિશેષ પરમ હિતૈષી છે અને જે રીતે આપણા આત્માનો ઉદ્ધાર થાય, તે માટે હર-હંમેશ પ્રયત્ન કરતા રહે છે. આપણે એટલી શ્રદ્ધા રાખવી જોઈએ કે ભગવાન આટલા દયાળુ છે અને કલ્યાણ માટે આટલા ઉતાવળા છે તો પછી આપણા ઉદ્ધારમાં શું શંકા છે? જો આપણે પાત્ર ન હોત તો પ્રભુ આપણને મનુષ્ય બનાવત જ નહિ. બીજી પણ યોનિઓમાં અસંખ્ય જીવ છે. આપણા પર ખાસ કૃપા કરીને માનવદેહ આપ્યો છે. તુલસીદાસજી કહે છે –

કબહુઁક કરિ કરુના નર દેહી। દેત ઈસ બિનુ હેતુ સનેહી॥

(રામચરિતમાનસ ૭/૪૪/૬)

ભગવાન કૃપા કરીને આપણને માનવદેહ આપે છે. ચોર્યાસી લાખ યોનિઓમાં ભ્રમણ કરતાં કરતાં આ જીવ એકદમ ત્રાસી જાય છે, ત્યારે દયાળુ પ્રભુને દયા આવી જાય છે. વિના હેતુ દયામય, પ્રેમમય એ દયાળુ પ્રભુ આપણા કલ્યાણ માટે આપણને માનવદેહ આપે છે. ભગવાનને આપણામાં કોઈ સ્વાર્થ નથી. આવો માનવદેહ પામીને જો આપણે આપણો સમય આળસમાં, ભોગોમાં અને પાપ-કાર્મોમાં વિતાવીશું તો તેમની આપેલ શક્તિનો દુરુપયોગ કરીએ છીએ. આવું કરવું આપણી નરી મૂર્ખાઈ છે. આ હકીકત ધ્યાનમાં રાખી તેનો દુરુપયોગ ક્યારે પણ ન કરવો પરંતુ એનો ઉચિત ઉપયોગ કરવો જોઈએ. જે હેતુ માટે પ્રભુએ આપણને આ માનવદેહ

આપેલ છે, શક્તિ આપી છે, તે કાર્ય માટે જ તેનો ઉપયોગ કરવો જોઈએ. આ આપણું સૌથી મોટું કર્તવ્ય છે. તેનું પાલન કરવું તે શરણાગતિનો બીજો પ્રકાર છે.

ત્રીજી વાત એવી છે કે, ભગવાનના પ્રેમમાં મુગ્ધ થઈને આપણે ભગવાનનો નામ-જાપ તથા તેમનું ધ્યાન કરતાં રહીએ. સ્વાધ્યાય કરતાં રહીએ. ભગવાનનાં પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્યની વાતોનું શ્રવણ કરીએ, પઠન કરીએ અને કહેતાં રહીએ તથા ભગવાનને એક ક્ષણ પણ ક્યારેય વિસરીએ નહિ. વાણીથી અથવા શ્વાસથી તેમનો નામ-જાપ કરતાં રહીએ અને મનથી તેમના સ્વરૂપનું ધ્યાન કરતાં રહીએ. આમ, હર-હંમેશ ભગવાનને યાદ રાખી, ભગવાનના સ્વરૂપનો અનુભવ કરતાં રહીએ. ભગવાનના ગુણ, પ્રભાવ, લીલા, નામ અને રૂપને હંમેશાં યાદ રાખીએ. યાદ કરતાં મુગ્ધ બનીએ. ભગવાનનું મનથી ધ્યાન કરવું એટલે ભગવાનને મનથી પકડવું છે. વાણીથી તેમના ગુણગાન કરવાં, તેમના નામનું કીર્તન કરવું તે પ્રભુને વાણીથી પકડવું છે, અને બુદ્ધિથી હૃદયમાં નિર્ણય કરવો તે બુદ્ધિથી ભગવાનને પકડવું કહેવાય. આમ, આપણે ભગવાનને પકડી રાખીએ. ભગવાનના પ્રેમમાં મુગ્ધ બની ઉત્તરોત્તર ભગવાન સાથે પ્રેમ વધારતા રહીએ. આ હૃદયથી ભગવાનને પકડવા કહેવાય. આમ હૃદય, મન તથા બુદ્ધિ વગેરેથી ભગવાનને છોડવા નહિ તે ભગવાનનું ત્રીજા પ્રકારનું શરણ છે. આપણે આવું કરીએ તો આપણો આત્મા વિશુદ્ધ બની જશે અને સત્વરે કલ્યાણ થશે.

—■—

પરમાત્માને સર્વ પ્રાણીઓના મિત્ર માનવાથી પરમ શાંતિની પ્રાપ્તિ

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, 'મને સર્વ પ્રાણીઓનો મિત્ર માનવાથી મનુષ્ય પરમ શાંતિ પામે છે' –

સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ ॥

(ગીતા ૫/૨૯)

અત્રે 'શાંતિ' શબ્દ કલ્યાણવાચક છે, મુક્તિવાચક છે. જેનું નામ પરમપદ છે, નિર્વાણ બ્રહ્મ છે તેને અત્રે 'શાંતિ' નામ આપવામાં આવેલ છે. ભગવાનની પ્રાપ્તિ અથવા પરમાનંદની પ્રાપ્તિ અથવા શાંતિ પ્રાપ્તિ બધું એક જ છે.

ભગવાન હેતુરહિત દયાળુ તથા પ્રેમી છે એમ સમજવું તે ભગવાનને સર્વ જીવાત્માના મિત્ર સમજવા છે. આવી જ રીતે તેમના ભક્તો પણ હેતુરહિત દયાળુ અને પ્રેમી હોય છે. ભક્તોનાં લક્ષણ વર્ણવતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે –

અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।
નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી ॥

(ગીતા ૧૨/૧૩)

મારા પ્રિય ભક્તો સર્વ પ્રાણીઓમાં દ્વેષભાવ રહિત હોય છે, તેમને કોઈની સાથે વેર કે દ્વેષ હોતાં નથી. તેઓ સર્વ પર દયા તથા પ્રેમ કરનાર હોય છે. હેતુરહિત દયાળુ અને પ્રેમી હોય છે. માતા પોતાના બાળકો સાથે જે પ્રેમ કરે છે, તેમાં તેનો સ્વાર્થ

અથવા મોહ હોય છે પરંતુ ભગવાનના ભક્તો જે પ્રેમ કરે છે, તેમના પ્રેમમાં મોહ-મમતાનું નામોનિશાન હોતું નથી. માત્ર તેમનો વિશુદ્ધ પ્રેમ તથા વિશુદ્ધ દયા સર્વ પર હોય છે. નિર્મમ એટલે મમતારહિત. વાછડા પર ગાયની અને પુત્ર પર માતાની દયા મમતાને લીધે હોય છે, પરંતુ ભક્ત તો મમતારહિત હોય છે. તેમનામાં હું 'મમતારહિત' છું તેવું અભિમાન પણ હોતું નથી. આથી નિર્મમ-નિરંહકારી બની તેઓ સુખ અને દુઃખની પ્રાપ્તિમાં સમાન રહે છે અને ક્ષમાવાન હોય છે. કોઈથી અપરાધ થઈ જાય ત્યારે તેનો બદલો લેતા નથી. આ સર્વ સુહૃદયતાના જ ભાવ છે. જ્યારે ભગવાન શ્રીરામે અયોધ્યાવાસીઓને અમૃત સમાન ઉપદેશ આપ્યો ત્યારે અયોધ્યાવાસીઓએ કહ્યું –

સ્વારથ મીત સકલ જગ માહીં। સપનેહુઁ પ્રભુ પરમારથ નાહીં॥
હેતુ રહિત જગ જુગ ઉપકારી। તુમ્હ તુમ્હાર સેવક અસુરારી॥

(રામચરિતમાનસ ૭/૪૭/૬-૫)

હે પ્રભુ! બધાં સ્વાર્થનાં સગા છે. જાગ્રતની તો વાત જ ક્યાં, સ્વપ્નમાં પણ કોઈ પરમાર્થમાં મિત્ર નથી. અર્થાત્ સર્વ કોઈ સ્વાર્થી છે. હે પ્રભુ! હે અસુરારિ! હેતુરહિત દયાળુ તથા હિત કરનાર એક તો આપ છો અથવા આપના ભક્ત છે બીજુ કોઈ નથી. સંત-મહાત્મા તન-મન અને ધનથી સર્વ પ્રકારે બીજાનું હિત કરે છે. જે કોઈ રીતે બીજાનું હિત થાય, તેવું જ કરે છે. ભગવાન માટે તો કોઈ હેતુ રહેતો જ નથી, તેઓ તો સર્વના સુહૃદ છે જ, પરંતુ જે આ વાતને બરાબર સમજી લે છે તે પણ ભગવાનનો સુહૃદ બની જાય છે.

આપને ભગવાનની સુહૃદતાની વાત કરીએ છીએ. જે કાંઈ પણ થઈ રહ્યું છે તે ઈશ્વરની ઈચ્છાથી થાય છે. જો આ વાત

સમજાઈ જાય તો સદાય પ્રસન્નતા રહે છે. જે કાંઈ પણ બની રહ્યું છે, તે ખરેખર સમજપૂર્વક થઈ રહેલ છે, ધારો કે વરસાદ આવે છે તો આપણે વરસાદ બંધ થાય તેવું ઈચ્છવું જોઈએ નહિ અને વરસાદ થતો ન હોય તો વરસાદ થાય તેવું પણ માગવું જોઈએ નહિ; કારણ કે જે યોગ્ય હોય છે તે પ્રમાણે જ પ્રભુ કરે છે. આપણી ઈચ્છાથી વરસાદ આવતો પણ નથી અને રોકવાથી બંધ પણ થતો નથી. તેથી આપણી ઈચ્છાનો કોઈ અર્થ નથી. અથવા એમ કહીએ કે જ્યારે વરસાદની જરૂરિયાત હોય છે ત્યારે વરસાદ આવતો નથી અને જ્યારે વરસાદની જરૂરિયાત હોતી નથી ત્યારે વરસાદ આવે છે. જે દેશમાં વરસાદની જરૂરિયાત છે ત્યાં વરસાદ પડતો નથી અને જે દેશમાં વરસાદની જરૂરિયાત નથી ત્યાં વરસાદ આવે છે એ વાત બરાબર છે. પરંતુ તે તમારી દૃષ્ટિ છે. તમે સમજો છો કે જે અનાજ વાવ્યું છે તેના માટે વરસાદની જરૂરિયાત છે, પરંતુ તમે એકદેશીય છો - એકબાજુ ધ્યાન આપો છો કે અત્રે વરસાદની જરૂર છે. તમારી દૃષ્ટિએ આ સમયે વરસાદ આવ્યેથી અનાજ પાકશે. પરંતુ જો ભગવાનને અનાજ પેદા કરવું નથી, તો વરસાદ ક્યાંથી આવશે? 'ક્યાં અનાજ પેદા કરવું છે - ક્યાં નથી કરવું' એ વાતને તમે સમજી શકતા નથી. જીવાત્માનાં જેવાં કર્મ હોય છે તે પ્રમાણે ભગવાન તેના માટે વિધિ-વિધાન કરે છે. ભગવાનના કાર્યમાં આપણે દખલ કરવી નહીં. માતા પોતાના બાળકને મારે છે અને બીજું કોઈ તેમાં દખલ કરી કહે કે, છોકરો રડે છે તેને મારો નહિ, તેથી શું તે બાળક તમને વધારે વહાલું છે? તેની માને વહાલું નથી? જો આવી વાત કરશો તો કોણ માનશે. ખરી રીતે મારવાવાળી માને તેનું બાળક જેટલું વહાલું છે તેટલું તમને વહાલું નથી, તમારો પ્રેમ તો માત્ર દેખાવ પૂરતો

જ છે. બાળક કદાચ ખુશ થઈને એવું પણ કહે છે કે આ મારા પક્ષમાં બોલે છે, પરંતુ તેમાં બાળકનું હિત નથી, તેનું હિત તો માના મારમાં જ છે. મા શા માટે મારે છે? તે વસ્તુને તમે બરાબર સમજ્યા નથી. બાળક તોફાની છે, બીજાં બાળકોને વિના કારણે મારે છે, ગાળો આપે છે. માતા સમજાવે છે, પરંતુ માતાની વાત માનતો નથી. તેથી મા તેને મારે છે. શા માટે મારે છે? તેની ખરાબ ટેવો છોડાવવા માટે. માને બાળક સાથે કોઈ દ્વેષ-ભાવ નથી. આવી જ રીતે ભગવાન આપણને આપણા હિત માટે કષ્ટ આપે છે. ભગવાન જેટલું આપણું હિત વિચારી શકે છે તેટલું માતા પણ વિચારી શકતી નથી. માતામાં મોહ છે, અજ્ઞાન છે સ્વાર્થ પણ છે. ભગવાનમાં તો સ્વાર્થની ગંધ પણ નથી. તેમનાં પ્રત્યેક કાર્ય આપણા હિત માટે હોય છે. ભગવાનની આપણા માટે થતી ચેષ્ટા જોઈને સદાય ખુશ રહેવું જોઈએ. જે કાંઈ બની રહેલ છે તે સર્વ ભગવાનની લીલા થઈ રહી છે, જો આ વાત સમજાઈ જાય તો ઉત્તરોત્તર એટલી પ્રસન્નતા વધી જાય કે તે આપણામાં સમાય નહીં. અણુ-અણુમાં ભગવાનની કૃપા જ કૃપા દેખાય. ભગવાનની કૃપા-ચેષ્ટા ક્યાંક તો સમજાય છે, તો ક્યાંક નથી સમજાતી. જ્યાં ન સમજાય ત્યાં તેને માની લેવાથી આગળ જઈને સમજાઈ જાય છે.

બે સગા ભાઈઓ હતા. એક ભાઈ આસ્તિક અને બીજો નાસ્તિક હતો. નાસ્તિકે કહ્યું, – તારા ભગવાને આ કામ બરાબર નથી કર્યું. તેણે મોટાં-મોટાં વૃક્ષોમાં તો નાનાં - નાનાં ફળ લગાડ્યાં જેમ કે, આંબો, જાંબુડો, પીપળો વડલો વગેરે અને તડબૂચ, કોળું વગેરે મોટા ફળ નાની વેલોને આપ્યાં. એટલામાં એક કેરીનું ફળ તૂટી ને તેના માથા પર વાગ્યું. તે લગભગ $^{1}/_{2}$ શેરનું હશે, તેના

માથામાં સાધારણ ઈજા થઈ. જે બાજુમાં બેઠેલો હતો તેણે કહ્યું – ભાઈ! જોયુંને જો આ પાંચ શેરનું હોત તો તારું માથું ફાટી જાત. બીજો ભાઈ બોલ્યો – હા, ભાઈ! તારા ભગવાને બિલકુલ બરાબર કર્યું છે, હવે મને સમજાઈ ગયું. માર પડવાથી ભગવાનની કૃપા-ચેષ્ટા સમજાઈ ગઈ ત્યારે નાસ્તિક પણ આસ્તિક થઈ ગયો. એ સમજી લેવું જોઈએ કે ભગવાનથી ક્યારેય ભૂલ થતી નથી. ભગવાન જે કંઈ કરે છે, સમજી-વિચારીને જ કરે છે. ભગવાને આપણને જે કંઈ આપ્યું છે, જેટલી વસ્તુઓ આપી છે તે બધું આપણા આત્માના કલ્યાણાર્થે આપ્યું છે. આટલું જ ઘણું છે અને એનાથી વધુની જરૂરિયાત નથી. જો ભગવાનને જરૂરત જણાઈ હોત તો વધારે આપત.

પરમાત્માની પ્રાપ્તિ માટે ન તો ધનની જરૂરિયાત છે, ન પુત્રની, ન સ્ત્રીની અને ન તો ઐશ્વર્યની. જે કંઈ આપ્યું છે તે ઘણું જ છે. આટલાની પણ જરૂરિયાત નહોતી, પરંતુ તમારા પર વિશ્વાસ રાખીને ભગવાને તમને વધુ આપી દીધું. હવે તમે એને ભગવાનના કાર્યમાં લગાડી દો. રૂપિયા ભગવાનના કાર્યમાં વાપરો. એવા કાર્યમાં રૂપિયા વાપરો જેમાં લોકોનું પરમ હિત થાય. તમે પોતાના કામમાં એટલો ખર્ચ ન કરો. તમારી દુકાનને ભગવાનની દુકાન જ સમજો અને એમાં વેપાર કરવા માટે જેટલી જરૂરિયાત છે એટલા જ રાખીને બાકી બધા પૈસા ભગવાનના કાર્યમાં વાપરો. મકાનમાં તમારે જેટલી આવશ્યકતા હોય એટલું જ પોતાના કામમાં લો, વધારાનો મકાનનો ભાગ જનહિતાર્થ વાપરો. કારણ કે આ મકાન તમારું નથી, ભગવાનનું છે. તમે માનો છો, મારું છે. તેમાં જે ઉંદરો દર બનાવીને રહે છે તેઓ માને છે – અમારું છે. ચકલી જે માળો બાંધીને રહે છે તે માને છે મારું છે,

મધમાખીઓએ મધપૂડો બનાવ્યો છે તેઓ પોતાનું માને છે. કીડીઓ ઘરમાં રહે છે તેઓ પોતાનું ઘર માને છે. ઘર કોનું છે? આ ઘર કોઈનું પણ નથી.

'ન ઘર તેરા ન ઘર મેરા, ચિડ઼યા રૈન-બસેરા હૈ।'

આ ઘર તારું પણ નથી, મારું પણ નથી. જેમ ઝાડ પર ચકલી આવીને રહે છે તેવી રીતે આ તમારો થોડા દિવસ માટેનો વાસ છે. આપણા આટલા અધિકારમાં પરમાત્માને પ્રાપ્ત કરવાનું કામ તુરંત કરવું જોઈએ. જેમ પરમાત્માની પ્રાપ્તિના કામમાં આવે એ બધું વાપરી નાખવું જોઈએ, પછી ભલેને કોઈ અહીં આવીને ભજન કરે, સત્સંગ કરે. તમારામાં જે બુદ્ધિ છે, તે બુદ્ધિને ભગવાનના કામમાં વાપરવી જોઈએ. ભગવાનનું તત્ત્વ-રહસ્ય બુદ્ધિથી સમજવું જોઈએ. બુદ્ધિનું કાર્ય છે સમજવાનું, એના દ્વારા ભગવાનના ગુણ અને પ્રભાવને જાણવા જોઈએ. જીભને ભગવાનના ગુણગાન ગાવામાં જોડી દો, કાનને લગાડી દો ભગવાનના ગુણ, પ્રભાવ, તત્ત્વરહસ્ય તથા નામરૂપ અને ચરિત્રની વાતો સાંભળવામાં. આંખોને પ્રભુના પ્રિય પુરાણોના, પુસ્તકોનાં દર્શન કરવામાં-વાંચનમાં - જેમાં ધ્યાન વૈરાગ્ય તથા ભક્તિની વાતો હોય તથા તે ભગવાનની પ્રાપ્તિમાં સહાયક થાય. મનને લગાડી દો ભગવાનના ધ્યાનમાં. બધામાં ભગવદ્‌બુદ્ધિ રાખી હાથને બધાંની સેવામાં લગાવી દો. આવી રીતે પ્રત્યેક ઇન્દ્રિયોનો યોગ્ય ઉપયોગ કરો. આ માટે જ ભગવાને આ સર્વે ચીજો આપી છે. નાણાં ચાલ્યા જાય તો ચિંતા ન કરો. કારણ કે ભગવાને તમને જે રૂપિયા આપ્યા હતા તેનો તમે યોગ્ય ઉપયોગ કર્યો નહિ તેથી ભગવાને પાછાં લઈ લીધાં. બીજી વાત એ છે કે, આ નાણાં તમારા માટે પરમાત્મા પ્રાપ્તિમા અવરોધરૂપ હતાં. પ્રભુએ તો નાણાં આત્મકલ્યાણ માટે

આપેલ હતાં પરંતુ તમે તેને ભોગ-વિલાસમાં વાપર્યા તેથી એ તમારા માટે બાધક બન્યાં. શાસ્ત્રો મારફતે, સંત-મહાત્મા દ્વારા તમને ઘણા સમજાવ્યા પરંતુ તમે કોઈનું પણ સાંભળ્યું નહિ તેથી ભગવાને પાછાં લઈ લીધા. આ તમારા હિત માટે થયું છે. તમે તેનો યોગ્ય ઉપયોગ નહોતા કરતા, દુરુપયોગ થતો હતો તેથી ભગવાને તમને પાપમાંથી બચાવ્યા છે.

ભોગ અને પાપ બન્ને મુક્તિમાં બાધક છે. તમને પુત્ર આપ્યો તેને ગીતા શીખવો, ભગવાનનું નામ લેતાં શીખવો. જેમ લોકો પોપટ તથા મેનાને ભણાવે છે અને તેને ભગવાનનું નામ શીખવાડે છે – 'નારાયણ-નારાયણ' કે 'હરે રામ હરે રામ.' જ્યારે પક્ષીઓને રામ નામ શીખવી શકાય છે તો શું તમારો પુત્ર પક્ષી સમાન પણ નથી? બાળકોને ભગવાનનું નામ સ્મરણ શીખવવું જોઈએ. તેમના કાનોમાં અધ્યાત્મ વિષયની વાતો કહેવી જોઈએ. એવી જ વાતો એને શીખવવી જોઈએ કે જેથી તમારો પુત્ર ભગવાનનો ભક્ત બની જાય, એમાં તમારું પણ કલ્યાણ અને પુત્રનું પણ કલ્યાણ, અને સાથે સાથે અન્યનું પણ કલ્યાણ છે. સર્વનું આમાં પરમ હિત છે. તમે તો આ શીખવતા નથી જેથી તમારો પુત્ર ઉદ્દંડ બનતો જાય છે. કરવા જેવાં કામો તો કરતો નથી અને ન કરવા જેવાં કામો કરે છે, આ જ તો ઉદ્દંડતા છે, આ જ પ્રમાદ છે. પુત્ર પ્રમાદી બની જશે તો ભવિષ્યમાં તમારા માટે હાનિકારક થશે. તમારા સાધનમાં - વર્તમાન અને ભવિષ્યના સાધનમાં વિઘ્ન ન આવે તે માટે પ્રભુએ તેને તેની પાસે બોલાવી લીધો. તેમાં તમારું હિત છે, આ વાતને ભગવાન જેટલી સમજે છે તેટલી તમે સમજતા નથી. તેથી આમાં પોતાની બુદ્ધિથી વિચારવું જોઈએ નહીં. ભગવાને જે કર્યું તે ઘણું સારું કર્યું.

માણસે પોતાની જરૂરિયાતો ઘટાડવી જોઈએ, જેથી તેનું કલ્યાણ ખૂબ જલ્દી થઈ જાય છે અને ભગવાન તેની જરૂરિયાતો ઘટાડે છે ત્યારે તેનું કલ્યાણ તો થાય છે, પરંતુ વિલંબ થાય છે. તમારી પાસે અઢળક સંપત્તિ છે, તેનો પોતાના માટે ઓછો ઉપયોગ કરીને જન-કલ્યાણનાં કામોમાં વાપરો તે તમારા માટે કલ્યાણનો માર્ગ છે. આથી વિપરીત કરશો તો એ ઉલટો માર્ગ છે. જો તમે વિપરીત કામોમાં ખર્ચ કરશો, લોકોનું અહિત કરવા માટે વાપરશો, પોતાની કામવાસના સંતોષવામાં, ભોગો ભોગવવામાં તથા પ્રમાદમાં વાપરશો તો તેનું ફળ છે પાપ. તમને પાપથી બચાવવા માટે પ્રભુએ તમારી સંપત્તિ નષ્ટ કરી દીધી. વીજળીના પ્રકાશમાં જેમ પતંગિયાં આવી-આવીને તેના પર પડે છે અને મૃત્યુ પામે છે, ફાનસ કે દીવા પર પડે છે અને મરે છે. ત્યારે તેમનો જીવ કેમ બચાવવો તે વિચારો છો. ખૂબ પ્રયત્ન કરો છો પરંતુ તેઓ આવીને પડે છે અને મરે જ છે. આખરે તમે ફાનસ હોલવી નાખો છો, લાઈટ બંધ કરો છો જેથી તે બચી જાય છે. પતંગિયાંઓને તમારું આ કાર્ય ગમતું નથી, તેઓ માને છે કે અમે તો આનંદ લૂંટી રહ્યા હતા, તેમાં કોણે બાધા નાખી. અલબત્ત, ફાનસ કે લાઈટ બંધ કરનાર તેમનું હિત કરે છે, તેમનો જીવ બચાવે છે, છતાં પતંગિયાં આ વાતને સમજતાં નથી. આપણે પણ પતંગિયાંની જેમ સમજતા નથી. વિષય-ભોગોનો સમૂહ – રૂપિયા, કંચન, કામિની, શબ્દ, સ્પર્શ, રૂપ રસ, ગંધ – આ બધાંને ભગવાન આપણાં હિત માટે નષ્ટ કરે છે, અન્યથા આપણે તેમાં ફસાઈ જાત અને મરી જાત. ભગવાને જોયું કે આ વિષય-ભોગમાં એકદમ ફસાયો છે અને વધુ ફસાઈ રહ્યો છે. આપણે તેનો (સંપતિનો) દુરુપયોગ કરવા લાગ્યા તેથી ભગવાને આવું કરીને ઘણું સારું કર્યું.

ઉત્તમ વાત તો એ છે કે, ભગવાને આપેલી વસ્તુઓ ભગવાનને સોંપી દઈએ, કારણ કે ભગવાને મને સોંપવાની સ્વતંત્રતા આપી છે, તેથી એવું વિચારીએ કે પ્રભુ! આપે સઘળા પદાર્થ આપ્યા, પરંતુ હું તેને યોગ્ય નથી તેથી આપની વસ્તુ હું આપને જ સમર્પિત કરું છું. આ પ્રામાણિકતા છે. આથી તેનું કલ્યાણ સત્વરે થાય છે. ભગવાનના કામમાં ઉપયોગ કરવો, તેમાંથી મમત્વ દૂર કરવું, ભગવાનને પરત આપવા સમાન છે. જેમ કે આ મારી પત્ની છે. આ મારું ઘર છે, આ મારું ધન છે, આ મારું શરીર છે - તેમાં મમત્વ છે. સમગ્ર વિશ્વમાં મમત્વ નથી કે પોતાપણું નથી. જેમાં પોતાપણું નથી તેનો નાશ થવાથી દુખ થતું નથી, જેમાં મમત્વ છે તેના નાશથી જ દુઃખ થાય છે. સામાન્ય વસ્તુમાં પણ મમત્વ છે તેને દૂર કરી, તે ભગવાનને સમર્પિત કરી દઈએ. આ મકાન કોનું? ભગવાનનું. આ પત્ની કોની? ભગવાનની. આ ધન કોનુ? ભગવાનનું. તું કોનો? ભગવાનનો. સામાન્ય વસ્તુમાં આપણી જે મમતા છે તેને દૂર કરીએ તો મમત્વ દૂર થતાંની સાથે મુક્તિ મળી જશે. જેમ સાગરમાં એક પરપોટો છે, તેટલી મર્યાદિત જગા સાથે તેનું મમત્વ છે, બાકીથી તો મુક્ત થઈ ગયા. સાગર સમાન આ સંસાર છે. આપણે સમગ્ર વિશ્વથી મુક્ત થઈ ગયા. બસ! હવે નજીવી બાબતોમાં ફસાયેલા છીએ. બાકીની તો ભગવાને જ તમારા પાસેથી હટાવી લીધી છે. આ ભગવાનની મોટી દયા છે કે સંસારથી તમારો અધિકાર હટાવી દીધો હવે માત્ર તમારાં શરીર પર તમારો થોડો અધિકાર, આ શરીર સાથે સંબંધ ધરાવતી વસ્તુઓ છે – તન, મન - જેમાં તમે એવું માની બેઠાં છો કે આ બધું મારું છે. સાગર કેટલો વિશાળ છે અને પરપોટો કેટલો મોટો છે. માની લો કે, પરપોટો મોતી સમાન છે અને સાગરનો કોઈ પાર

નથી. તેથી સંસારને અગાધ સાગર સમજો. સંસારથી તો તમે મુક્ત થઈ ગયા, ભલે કોઈ મરે, કે કોઈ જીવે, ભલે પ્રલય થઈ જાય, તેના માટે કોઈને કોઈ ચિંતા, ફિકર નથી! થોડે દૂર રહેલા પરપોટા રૂપી મોતીપર તમારી મમતા છે. ભગવાને તમારી પાસેથી સંસારની સર્વ મમતા લઈ લીધી, હવે તમારી મુક્તિમાં નાનકડી મુશ્કેલી છે. બસ, કૃપા કરીને તમે તે પણ ઉઠાવી લો તો તમારી મુક્તિ પાકી થઈ ગઈ.

તમે પોતાનાં જ બંધનમાં ફસાયેલા છો. ભગવાને તો ખૂબ દયા કરી છે કે, બધા પરથી તમારી મમતા પહેલેથી જ લઈ લીધી છે. આટલી કૃપા તો ભગવાને તમારા પર કરી છે. હવે થોડી કૃપા તમે તમારા પર કરો. ભગવાનને પ્રાર્થના કરો કે પ્રભુ! તમે કૃપા કરીને ખૂબ સરસ કામ કર્યું છે કે કશામાંય મારી મમતા રહેવા દીધી નથી. હવે જે થોડી મમતા રહી છે તે હું લઈ લઉં છું. ત્યાર પછી પોતાની જાતને તથા જેમાં મારાપણું છે એવા બધા પદાર્થોને ભગવાનને સમર્પિત કરી દો. સૃષ્ટિમાં સામેલ કરી દો. આ બધી વસ્તુઓ ભગવાનની છે જેના પર હું મારો અધિકાર માનું છું. કોઈને ઘેર પુત્ર જન્મે કે પુત્રી જન્મે, સર્વમાં આપણી સમાન બુદ્ધિ છે. કોઈ ભાઈ આવે છે તેને આપણે પૂછીએ કે આજે કેમ મોડું થયું? તેઓ કહે છે મારે ઘેર પુત્રી જન્મી તેના કામમાં રોકાઈ ગયો. સારું થયું ભાઈ! પુત્રી પણ પોતાના ભાગ્યથી ખાશે. પુત્રી જ્યારે જન્મે છે ત્યારે પોતાનું ભાગ્ય સાથે લાવે છે. તેને ઉપદેશ આપીએ છીએ. કોઈ કહે છે, પાંચ-સાત દિવસ અહીં નહોતા. અમારા પુત્રનું અવસાન થયું તો તેને કહીએ છીએ – શું કરીએ, તમારો અને એનો આટલો જ સંયોગ હશે. જેવા મહાત્મા-ઋષિ હતા તેવા જ આપણે મહાત્મા બની જઈએ છીએ. તેના મનમાં દૃઢ વિશ્વાસ છે

કે નથી આ પુત્ર મારો કે નથી આ પુત્રી મારી. તેની કોઈ ચિંતા નથી, શોક નથી, દુઃખ નથી કે હર્ષ પણ નથી. કાંઈ પણ નથી. સર્વમાં સમભાવ છે. વિષમતા શેમાં છે? જ્યાં મમતા છે. દિવસ દરમ્યાન મનને અનુકૂળ તથા પ્રતિકૂળ થતું રહેતું હોય છે. અનુકૂળતામાં હર્ષ થાય છે, અને પ્રતિકૂળતામાં દુઃખ થાય છે. અનુકૂળતામાં રાગ થાય છે, જ્યારે પ્રતિકૂળતામાં દ્વેષ. હર્ષ, શોક, રાગ અને દ્વેષનો આવેગ દિવસભર થતો રહે છે. ભગવાને દયા કરીને સંસારમાંથી પહેલેથી જ મમતા ખેંચી લીધી, નહીં તો કોણ જાણે કેવી મુશ્કેલી થાત. હવે થોડીક જ બાબતોમાં તમારી મમતા છે, તેને હટાવી લો. મમતા હટી કે મહાત્મા થયા, જ્ઞાની થયા. જે સાધુ હોય છે તે તો પોતાના ઘરને છોડીને ચાલ્યા જાય છે. તેણે તો સર્વસ્વનો ત્યાગ કરી દીધો, કોઈ ચીજમાં મમતા ન રહી, તેની તો મુક્તિ થઈ જવી જોઈએ! તે સાધુ પહેલાં તો ઘર છોડીને ગયો. પરંતુ ઘરમાં તથા ઘરવાળાંઓમાંથી તેનો મોહ ગયો નહીં, મમતા ન ગઈ. અને ઘર છોડીને સાધુ બની ગયો. પોતાના ગામનો કોઈ માણસ આવે તો તે પૂછતો કે તમે ફલાણા ભાઈને ઓળખો છો? પેલો કહે હા. હા. ઓળખું છું. બાવાજી કહે છે... તે મારો પુત્ર છે. બધાં રાજીખુશીમાં છે ને? જવાબ મળે છે – હા, બધા પ્રસન્ન છે. ત્રણ ભાઈઓ હતા, એકનું અવસાન થયું, બે છે. એક કઈ રીતે મરી ગયો? ચોર લુંટારા આવ્યા અને તેને મારીને. બધું ધન લઈ ગયા. ભારે જુલમ ગુજાર્યો. હજુ પણ સાધુને તેમાં મમત્વ છે કે મારું ઘર છે, મારું મકાન છે, મારા રૂપિયા છે, મારાં સંતાનો છે. બધાંને છોડીને સાધુ બની ગયો. ઘર છોડી દીધું પરંતુ આસક્તિ, મમતા સાથે લઈ ગયો. જ્યારે તમે બધુ છોડી દીધું પછી યાદ કેમ કરો છો? આથી પણ વધારે મમતા ત્યાંથી ભેગી કરીને પોતાના

શરીરમાં ભરી લીધી! તેને પૂછ્યું... અહીં ક્યાં રહો છો? ઝૂંપડીમાં રહું છું. ઝૂંપડીએ આવ્યા... 'આ તમારી ઝૂંપડી છે?' હા. 'ઝૂંપડી જીર્ણ-શીર્ણ રહી છે.' હા ભાઈ! એવું જ છે, તમે દયાળુ છો યોગ્ય લાગે તો બનાવડાવી આપો. 'મહારાજ! મારી પાસે તો પૈસા નથી.' સારું, કોઈ પૈસાદારને કરીને બનાવડાવી આપો. 'સારું... સારું... બાવાજી! મોકો મળશે તો કહીશું.' પછી કોણ બનાવે છે! બાવાજીને ત્યાં લોકો ભિક્ષા પહોંચાડતા હતા. 'ભાઈ! શું લાવ્યા છો?' આજે શ્રાદ્ધ હતું તેથી શીરો-પૂરી લાવ્યા છીએ. 'વાહ! ખૂબ સરસ. શીરો તો બહુ સરસ છે. તમારી સાથે એક ભાઈ આવતા હતા, તે ખૂબ જ પ્રેમાળ હતા. હવે તે ભીક્ષા લઈને આવતા નથી.' સારું બાપજી, મળશે તો કહી દઈશ. 'તે બંને સમય ભિક્ષા લાવતો હતો. હમણાં તો શરીરમાં શક્તિ પણ ઓછી થઈ ગઈ છે, દૂધની પણ થોડી જરૂરિયાત રહે છે, પરંતુ હું પૈસા રાખતો નથી.' સારું મહારાજ! બનશે તો હું પોતે લાવી આપીશ. હવે આ મમતા સંતાનોમાંથી ખસીને જે સેવા કરે છે તેમનામાં ભરાઈ! જે મમતા ઘરમાં હતી તે ઝૂંપડીમાં આવી, જે મમતા પરિવારમાં હતી તે દેહમાં આવી. પોતાનો દેહ કાયમ રહે પછી ભલેને આખી દુનિયા મરી જાય. ભલેને નાની જગ્યામાં રહો કે મોટી જગ્યામાં રહો તેમાં અહંતા અને મમતા આ બંને બંધનના હેતુ છે. વિશાળ જગ્યામાં રહેવાથી વિશેષ બંધન અને નાની જગ્યામાં ઓછું બંધન હોય છે, પરંતુ બંધન તો બધે જ થાય છે. જેમની પાસે વધુ ઐશ્વર્ય છે અને તેમાં મમત્વ છે, તેનું કલ્યાણ થવું વધારે કઠણ છે. આવી જ રીતે રાજા-મહારાજાનું કલ્યાણ થવું ખૂબ જ કઠણ છે. જેની આસક્તિ ઓછી, તેનું સહજ રીતે જ કલ્યાણ થાય છે. પરંતુ જ્યાં સુધી આ દેહમાં માયા છે - અહંતા છે ત્યાં સુધી કલ્યાણ થવું દુષ્કર છે.

નિષ્કર્ષએ છે કે બાહ્ય ત્યાગ સારો છે, પરંતુ જ્યાં સુધી અહંતા-મમતા છે અને ભૌતિક પદાર્થોમાં અને શરીરમાં આસક્તિ છે, કામના છે, ત્યાં સુધી શાંતિ તેનાથી ઘણી દૂર છે. જ્યાં અહંતા-મમતાનો ત્યાગ છે ત્યાં શાન્તિ જ શાન્તિ છે.

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥

(ગીતા ૨/૭૧)

જે સંપૂર્ણ કામનાઓનો ત્યાગ કરીને અહંતા-મમતા તથા સ્પૃહા રહિત થઈ સંસારમાં વિચરે છે તે શાંતિ પામે છે. જ્યારે સર્વસ્વ પરમાત્માને સમર્પિત કરવામાં આવે છે ત્યારે શાંતિ મળે છે. તમારી થોડે દૂર આસક્તિ, અહંતા-મમતા અને કામના છે, તમે તેનો ત્યાગ કરો અર્થાત્ એ બધું ભગવાનને સમર્પણ કરી દો. તમે જો આવું કરી દીધું તો તે જ ઘડીએ પરમાત્માની પ્રાપ્તિ થઈ ગઈ. પણ તેની ઓળખ શું છે? ઓળખ તો સ્પષ્ટ છે. જેમાં તમારી અહંતા-મમતા છે ત્યાં લાભ અને હાનિમાં તમને હર્ષ-શોક થાય છે. પાડોશમાં કે બજારમાં અનેક દુકાનો છે, તેમાં કોઈકને નફો અને કોઈકને નુકસાન થાય છે. શું તમે જાણો છો કે આ વર્ષે કોને કેટલો નફો કે નુકસાન થયું. જો તે આવીને કહે કે આ નફો-નુકશાન છે, તેથી તમને હર્ષ-શોક થાય છે? નથી થતો. આવી જ રીતે તમારી દુકાનમાં જે લાભ-હાનિ થાય તેને તમે સમજી લો કે બધી વસ્તુઓ ભગવાનને અર્પણ થઈ ગઈ છે. આ પ્રત્યક્ષ પ્રમાણ છે - કસોટી છે. જેમ બીજા કોઈ મહોલ્લામાં કોઈને ત્યાં પુત્ર જન્મ થયો કે કોઈને ત્યાં પુત્રી અવતરી, કોઈ ને ત્યાં કોઈનું અવસાન થયું અને તમને જાણ થઈ. શું તમારા પર તેનો કોઈ પ્રભાવ છે? બિલકુલ નહીં. આવી જ રીતે તમારા ઘરમાં કોઈનું

અવસાન થાય તેની પણ અસર આવી જ થવી જોઈએ. જો એવું માનીએ કે, આ તો મારી જવાબદારી છે. તો કોઈનું અવસાન થાય ત્યારે કોઈનો જન્મ થાય તો દાયણને બોલાવી આપો, કારણ કે એ આપણી ફરજ છે. તમારા ઘરમાં કે પડોશમાં કોઈ રહે છે ત્યાં કોઈ પુરુષ નથી અને ત્યાં કોઈનું અવસાન થાય ત્યારે શું તમે તેના અંતિમ સંસ્કાર નહીં કરો? આ તમારી ફરજ છે કે નહીં? એ જ રીતે આમાં પણ ફરજ છે. પાડોશીને ત્યાં કોઈ મરી જાય ત્યારે તેના અગ્નિસંસ્કાર કર્યા તેવી જ રીતે ઘરમાં પણ કોઈનું અવસાન થાય ત્યારે તેના પણ અગ્નિસંસ્કાર કરી દો. આમાં ફરક શું પડે છે? ફૂંકી મારવામાં કોઈ મનાઈ નથી. પડોશીને માટે ડૉક્ટર બોલાવવો પડે તો, પણ બોલાવી લો, પોતાને ઘેર બોલાવવો પડે તો પણ બોલાવો, પણ બંનેમાં કોઈ ભેદ રહેવો જોઈએ નહિ, કારણ કે બધું પરમાત્મા સ્વરૂપ છે અને પ્રારંભથી જ ભગવાનને સમર્પિત કરેલું છે અને જે વસ્તુ તમે ભગવાનને અર્પણ કરી તે પણ ભગવાનની બની ગઈ. બંનેની ગરિમા સમાન બની ગઈ તેથી બંનેમાં સમાન ભાવ રાખવો જોઈએ. એવું સમજવું જોઈએ કે સર્વસ્વ ઈશ્વરને અર્પણ થયેલ થયેલું છે. જે કાંઈ થઈ રહેલ છે તે સર્વ ઈશ્વરની લીલા છે તેવું માની વિશેષ પ્રસન્નતા થવી જોઈએ. જે કંઈ પણ કામ થઈ રહેલ છે તે જોઈને ખૂબ જ ખુશ થવું જોઈએ.

શું કોઈને ત્યાં આગ લાગે છે તો પણ ખુશ થવું? નહિ. આ સંજોગોમાં તમારી ફરજ છે આગ હોલવવાની અને સમજદારોની ફરજ છે કે જે અજ્ઞાનથી તે કારણે રડે છે તેમને સમજાવવા, તેમને ધીરજ આપવી. પણ તમે ત્યાં જઈને ખુશ થાઓ! વાહ ભાઈ વાહ! આવું કરવાથી જેને ત્યાં આગ લાગી હોય, તેને સુખ થશે કે દુઃખ? તમે અહીં આગ ઠારી કે લગાડી? આવા સંજોગોમાં તમારી ફરજ

છે કે કોઈને ત્યાં પણ આગ લાગે તે હોલવવી. એ આગ તો બહાર લાગે છે, પરંતુ તમે ત્યાં જઈ ખુશી વ્યક્ત કરીને તે વ્યક્તિના હૃદયમાં પણ આગ લગાડી રહ્યા છો? ખુશી એ કાંઈ ઉજવવાની કે કહેવાની બાબત છે? જ્ઞાની મહાત્મા તો સદા આનંદમાં રહે છે. શું તે ઢંઢેરો પીટે છે? તમે તમારાં હૃદયમાં ભગવાનની લીલા જોઈ જોઈને ખુશ થતા રહો, પણ બાહ્ય વર્તન તો ઈશ્વરની આજ્ઞાનુસાર જ કરવું જોઈએ. જે કોઈ પણ પ્રકારે અન્યને સુખ મળે, તેવો વ્યવહાર કરવો જોઈએ. અજ્ઞાનીજનો જે સુખ-દુખમાં માને છે, તેમના સુખદુઃખમાં સહભાગી થવું જોઈએ. જે બીજાના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે તે ઈશ્વરનો ભક્ત છે. કહેવાનું તાત્પર્ય છે કે, એક તો અંતરનો ભાવ હોય છે અને એક બહારનો. આંતરિક ભાવમાં તો સર્વ ભગવાનની લીલા જાણી આનંદમગ્ન રહેવું જોઈએ. તે આનંદ ક્યારેય કોઈ ઉણપ ન આવવી જોઈએ અને બહારનો વ્યવહાર – જે રીતે બીજાને સુખ મળે, એવો કરવો જોઈએ. ભલે આખી દુનિયા સળગી જાય, મને દુઃખ નથી, પરંતુ બીજાઓને દુઃખ થાય છે. તો તેમને દુઃખી ન કરવા જોઈએ. તેમને તો સુખ જ આપવું જોઈએ. ભગવાન જે કંઈ કરી રહ્યા છે તે બધાનું હિત જ કરે છે. કોઈ ડૉક્ટર, બાળકનું ઑપરેશન કરી રહ્યો હોય અને બાળક રડતો હોય, તો બાળકે એવું સમજવું જોઈએ કે આ ઑપરેશન તારા હિત માટે થઈ રહ્યું છે, આનું પરિણામ તારા માટે શુભ હશે, તું રડ નહીં. આ જ પ્રમાણે કોઈનો પુત્ર મરી જાય તો તેને એ સમજાવવું જોઈએ કે, આ તારા પ્રારબ્ધનું ફળ છે, આના માટે તું રડ નહીં. ચિંતા કરવાથી શું ફાયદો? ભગવાનનું વિધાન મંગળકારી છે, રડનારનું પણ તેમાં હિત છે, પણ એ જાણતો નથી. ઈશ્વર દ્વારા જે ક્રિયા થઈ રહી છે, તેમાં

આનંદ - જ આનંદ છે, એ આનંદ ભક્તને દેખાય છે, બધા મનુષ્યોને દેખાતો નથી.

યદૃચ્છાલાભસંતુષ્ટો દ્વન્દ્વાતીતો વિમત્સરઃ।
સમઃ સિદ્ધાવસિદ્ધૌ ય કૃત્વાપિ ન નિબધ્યતે ॥

(ગીતા ૪/૨૨)

જે વ્યક્તિ ગમે તેવા સંજોગોમાં, જે કંઈ પ્રાપ્ત થાય, તેમાં સંતુષ્ટ રહે છે. રાગ-દ્વેષ, હર્ષ-શોક, સુખ-દુઃખ – આ દ્વંદ્વોથી પર રહે છે, મત્સરતારહિત છે, તે કર્મ કરવા છતાં પણ બંધનથી મુક્ત રહે છે.

સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ।
મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥

(ગીતા ૧૨/૧૪)

ભગવાન કહે છે – યોગી અર્થાત્ ભગવદ્ભક્ત પ્રત્યેક પળે આનંદમાં મસ્ત રહે છે, જેનું મન વશમાં છે, જેની બુદ્ધિ સ્થિર છે, જેણે પોતાનાં મન તથા બુદ્ધિ મને સમર્પણ કરેલ છે – તેવો મારો ભક્ત મને પ્રિય છે. બુદ્ધિમાં એક માત્ર ભગવાનનો જ નિશ્ચય છે અને નિશ્ચય અનુસાર ભગવાનનું એ ચિંતન કરે છે, સર્વત્ર ભગવાનનાં જ દર્શન કરે છે. સર્વત્ર ભગવાનની દયાનાં દર્શન કરે છે. ભગવાન કહે છે –

'સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ ॥'

(ગીતા ૫/૨૯)

મને સર્વ પ્રાણીઓનો સુહૃદ જાણીને શાંતિને પ્રાપ્ત થાય છે – પરમાત્માની પ્રાપ્તિરૂપ શાંતિને તે પ્રાપ્ત થાય છે તેને પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. આથી સર્વમાં ભગવાનની દયાનાં દર્શન કરવા જોઈએ. સર્વ ક્રિયામાં, સર્વ પદાર્થોમાં ભગવાનની દયાનો સમાવેશ

થઈ રહેલ છે. ભગવાનની દયાનું તે દર્શન કરતો રહે છે. પ્રત્યેક પળે તે દયાને જોઈને એટલો ખુશ થાય છે, એટલો આનંદિત અધિક થાય છે કે તેને રોમાંચ થવા માંડે છે, આંસુઓ વહેવા લાગે છે. પછી તો તેને સર્વત્ર ભગવાનનાં દર્શન થવા માંડે છે.

યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।
તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥

(ગીતા ૬/૩૦)

જે સર્વત્ર મને જુએ છે અને સર્વને મારામાં જુએ છે તેનાથી હું ક્યારેય જુદો થઈ શકતો નથી, તે પણ મારાથી કદીય જુદો થઈ શકતો નથી અર્થાત્ પ્રત્યેક પળે તે મારાં દર્શન કરતો જ રહે છે. પરિણામે

સર્વભૂતસ્થિતં યો માં ભજત્યેકત્વમાસ્થિતઃ ।
સર્વથા વર્તમાનોઽપિ સ યોગી મયિ વર્તતે ॥

(ગીતા ૬/૩૧)

સર્વ જીવોમાં રહેલા મુજ પરમાત્મામાં એકાગ્રભાવે સ્થિત થયેલ પુરુષ સર્વ કર્મોમાં પ્રવૃત્ત હોવા છતાં પણ મારામાં જ વર્તી રહ્યો છે. ભગવાન સાથે જ લીલા કરે છે. પહેલાં તો લીલા જોતો હતો પછી લીલામાં શામેલ થઈ ગયો અને લીલામાં શામેલ થઈને તે પણ ભગવાનની સાથે વર્તે છે – ભગવાન સાથે લીલા કરી રહ્યો છે. આવી રીતે આપણે સર્વમાં ભગવાનની દયાનાં દર્શન કરવાં જોઈએ, પછી ભગવાનની લીલાનાં દર્શન કરવાં જોઈએ, પછી લીલામાં સામેલ થઈને લીલા કરવી જોઈએ.

—■—

ભગવાનની દયા અને પ્રેમનું રહસ્ય

જેમનો ભગવાનમાં તીવ્ર પ્રેમ હોય છે, અને પરમશ્રદ્ધા હોય છે અથવા જેમને પ્રભુમિલનની તીવ્ર ઈચ્છા-લગની હોય છે, તેમને તો ભગવાનનાં દર્શન તુરત થઈ જ જાય છે – આ યોગ્ય છે અને ન્યાયી પણ છે. આવા ભક્તોને દર્શન આપવા માટે પ્રભુ વચનબદ્ધ છે. સ્વયં ભગવાને ગીતા (૧૧/૫૪)માં કહેલ છે કે અનન્ય ભક્તિથી હું દર્શન આપવા માટે બંધાયેલ છું. જ્યારે ભગવાનમાં પરમ શ્રદ્ધા થઈ જાય છે, ત્યારે ઉચ્ચ કક્ષાનો અનન્ય પ્રેમ, ભગવાનમાં વિશુદ્ધ પ્રેમ થઈ જાય છે. આવું થવાથી ભગવાનને મળવાની તીવ્ર ઈચ્છા થાય છે. જ્યારે ઈચ્છા તીવ્ર બને છે ત્યારે સાધનની તત્પરતા થાય છે અને લગની લાગી જાય છે. ત્યારે ભગવાન તત્ક્ષણ પ્રગટ થાય છે. પરંતુ મિલનની તીવ્ર ઈચ્છા કે પરમપ્રેમ ન હોવા છતાં પણ ભગવાન દર્શન આપે છે. જેમનામાં ભગવાનને મળવાની તીવ્ર ઈચ્છા, ભગવાનમાં પરમ શ્રદ્ધા તથા અનન્ય પ્રેમ જેવી બાબતો હોય એવા પુરુષ તો પ્રભુનાં દર્શનને પાત્ર છે જ, પરંતુ પાત્રતા ન હોવા છતાં પણ ભગવાન કયા સંજોગોમાં દયા કરે છે? એવી જે માન્યતા છે કે ભગવાન હેતુરહિત દયા તથા હેતુરહિત પ્રેમ કરે છે – અને સૌના સુહૃદ છે - આવી માન્યતાથી અપાત્રને પણ દર્શન થાય છે અર્થાત્ તેની અપાત્રતા હોવા છતાં પણ ભગવાન દર્શન આપે છે. જે એવું માને છે કે ભગવાન ખૂબ દયાળુ છે, પાત્રતા ન હોવા છતાં પણ તેને દર્શન આપે છે. પાત્ર પર દયા કરવી તે ન્યાયોચિત જ

છે. આવા સંજોગોમાં પાપીઓનો ઉદ્ધાર કેમ થાય? પાપીજનોને પણ સમજાય કે ભગવાન દયાળુ છે તો પાપીથીય પાપી પુરુષ પણ ભગવાનનાં દર્શનનો અધિકારી બની જાય છે અને એવો વિશ્વાસ થઈ જાય કે ભગવાન પોતાના સેવકના અવગુણો તરફ જોતા નથી. ભગવાનની દયાથી અપાત્રને પણ દર્શન થાય છે. 'ભગવાન સુહૃદ છે' – તેવો દૃઢ-નિશ્ચય જ આ હકીકતનું પ્રમાણ છે કે અપાત્રને પણ ભગવાનનાં દર્શન થાય છે. દૃઢ વિશ્વાસ રાખવાથી, કે ભગવાન દયાળુ અને ઉદાર છે તે માણસ ગમે તેવો કેમ ન હોય, ભગવાન તેના દોષોને જોતા જ નથી. જેમ માતા પરમ દયામય છે, અને તે પોતાના બાળકના દોષો તરફ જોતી નથી, તેને પ્રેમ-વહાલ જ કરે છે. તેવી જ રીતે ભગવાન પણ દોષોને જોતા નથી, માત્ર પ્રેમ જ કરે છે. ભગવાન સંબંધે આ માન્યતા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે ભગવાનનો સ્વભાવ ખૂબ જ કોમળ છે, ભગવાન દયામય છે, પ્રેમમય છે, દયા અને પ્રેમના સાગર છે તથા તે સર્વજનોને હેતુરહિત દયા તથા પ્રેમ કરે છે. આવી માન્યતાથી ખૂબ જ લાભ થાય છે. ભગવાન એવું માને છે કે, મારા સંબંધમાં આવા પ્રકારનો વિશ્વાસ કરે છે, તેથી મારે તે પ્રમાણે જ કરવું જોઈએ. ગીતામાં ભગવાન કહે છે –

'યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।'

(ગીતા - ૪/૧૧)

પરંતુ આથી વિપરીત કોઈ ભગવાનની દયાની આડમાં પાપાચાર કરે છે તો તે પાપ વજ્રલેપ બની જાય છે અને તેનો કદાપિ નાશ થતો નથી. ઉપર્યુક્ત માન્યતાથી પૂર્વનાં પાપોનો તો નાશ થઈ જાય છે, પરંતુ ભવિષ્યમાં કોઈ પણ પાપનો આશ્રય લેવો જોઈએ નહિ. આ માટે વારંવાર ભગવાનનાં આ વચનોનું તેણે પુસ્તકોમાં વાંચન કરવું, મહાત્માઓની વાણી સાંભળવી અને તેના પર શ્રદ્ધાપૂર્વક મનન કરવું. ગીતામાં ભગવાને કહ્યું છે –

સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ ॥

(ગીતા ૫/૨૯)

મનુષ્ય મને સર્વ જીવોનો સાથી-સખા જાણીને પરમ શાંતિને પ્રાપ્ત થાય છે. તથા

હેતુ રહિત જગ જુગ ઉપકારી । તુમ્હ તુમ્હાર સેવક અસુરારી ॥

(રામચરિતમાનસ ૭/૪૭/૫)

હેતુ રહિત ઉપકાર કરનાર યા તો પ્રભુ છે અથવા તેમના ભક્ત.

ઉમા રામ સમ હિત જગ માહીં । ગુરુ પિતુ માતુ બંધુ કોઉ નાહીં ॥

(રામચરિતમાનસ ૪/૧૨/૧)

ભગવાન શંકર કહે છે, હે ઉમા! રામ જેવા હિતકારી સંસારમાં મા-બાપ, ગુરુજી, ભાઈ કોઈ પણ નથી. આ પ્રકારના પ્રસંગો વારંવાર સાંભળો અને ભગવાનના સ્વભાવને યાદ કરો કે ભગવાન કેટલા દયાળુ તથા પ્રેમી છે. જેમ સંસારમાં કોઈ વ્યક્તિ વિશેષ દયાળુ હોય તો તેની દયાનો સ્વાર્થી મનુષ્ય અનુચિત લાભ મેળવી લે છે, તેવી જ રીતે આપણે પણ ભગવાન પાસેથી લાભ મેળવી લેવો જોઈએ. તેથી પ્રભુને વિશેષ દયાળું માનીએ, અને હકીકતે પ્રભુ તેવા જ છે. ભગવાન તો એટલા દયાળુ છે કે, નિજજનોના દુઃખ સહન કરી શકતા નથી, જોઈ શકતા નથી. ભગવાનનું હૃદય અતિ કોમળ છે. ભરતજી મહારાજ કહે છે –

જન અવગુન પ્રભુ માન ન કાઊ । દીન બંધુ અતિ મૃદુલ સુભાઊ ॥

(રામચરિતમાનસ ૭/૧/૬)

ભરતજીનો કેવો ઉચ્ચકોટિનો ભાવ છે. તેઓ કહે છે કે 'હે પ્રભુ! તમે જો મારા અવગુણો તરફ જોશો તો એક સો કરોડ કલ્પ સુધી પણ મારો ઉદ્ધાર થવાનો કોઈ ઉપાય નથી, પરંતુ આપ મારા દોષો તરફ જોતા જ નથી – આ જ એકમાત્ર મારા માટે આધાર છે. પ્રભુ! આપનો સ્વભાવ ખૂબ જ કોમળ છે, આપ સ્વજનનાં

દુઃખોને જોઈ શકતા નથી. તમે દીનબંધુ છો. મનુષ્યના અંદર ભગવાન માટે જે આતુરતા-દીનતા તથા કરુણાનો ભાવ છે, તે વિશેષ મહત્ત્વ ધરાવે છે. જેના અંતરમાં આવા ભાવો છે તે ભગવાનની દયાને પાત્ર બની જાય છે. પાપીમાં પાપી મનુષ્ય પણ પાત્ર બની જાય છે અર્થાત્ અપાત્ર પણ પાત્ર થઈ જાય છે. જેમ સંસારમાં કોઈ મનુષ્ય, કોઈના માટે એવો ભાવ રાખે કે, તે અત્યંત ઉદાર અને દયાળુ છે તો હૃદયમાં આવી ભાવના રાખનાર વ્યક્તિ પેલા શ્રદ્ધેય દયાળુ તથા ઉદારચિત્ત મનુષ્યનો વધુ લાભ મેળવે છે. તે ઉદારચિત્ત મનુષ્ય એવું વિચારે છે કે, મારા માટે આટલી શ્રદ્ધા છે, ભાવના છે ત્યારે તદ્નુસાર જ મારો વ્યવહાર હોવો જોઈએ. આ પ્રકારે તેનો હૃદયપલટો થાય છે અને તેના માટે ઓછો દયાવાન પુરુષ પણ અધિક દયાળુ બને છે. જે ઓછો ઉદારચિત્ત છે તે તેના માટે અધિક ઉદારચિત્ત થઈ જાય છે. ભગવાન તો હકીકતે ખૂબ જ ઉદાર છે. આવી રીતે ભગવાન પરત્વે જે વધારેમાં વધારે વિશ્વાસ કરે છે કે ભગવાન કેટલા ઉદાર છે, કેટલા દયાળુ છે. આમ, ભગવાનને ઉત્તમોત્તમ જાણનાર વ્યક્તિ ભગવાનની દયાનો પાત્ર બને છે. ભગવાન તો વાસ્તવમાં આવા જ છે. આપણે લાભ લઈ શકતા નથી. આપણે કહીએ તો છીએ કે ભગવાન ખૂબ જ દયાળુ છે અને સાથોસાથ એવું જાણીએ પણ છીએ કે ભગવાન દયાળુ હોવા ઉપરાંત ન્યાયકર્તા પણ છે. ન્યાયકર્તા સમજવાથી તેમના વિધાન મુજબ જ આપણને લાભ મળે છે. આપણે એવું માનીએ છીએ કે આ ભગવાનની નીતિ છે. નીતિ તો અવશ્ય છે પરંતુ પ્રેમની સામે નીતિ ટકી શકતી નથી. તેથી જે એવું માને છે કે પ્રભુ દયાળુ છે, પ્રેમી છે ત્યાં ભગવાન પોતાની નીતિ વીસરી જાય છે. ભગવાન તો દયા તથા પ્રેમના ભંડાર છે. ભગવાનને દયાળુ સમજવાથી માનવ દયા-સંબંધે સવિશેષ લાભ મેળવી શકે છે. તે એવું માને કે હું કોઈ પણ રીતે પાત્ર નથી પરંતુ જે અપાત્ર

છે કે કુપાત્ર છે તેમનો પણ ભગવાન ઉદ્ધાર કરે છે. આમ, ભગવાનને ઘેર વિશેષ છૂટ છે, એક વિશેષ નિયમ છે. આ પણ એક પ્રણાલી છે. આવી જેની માન્યતા છે અને આ બાબતે જેનો વધારેમાં વધારે વિશ્વાસ છે તે વિશેષ લાભ મેળવી શકે છે. ભજન સાધન કરનાર લાભ ઉઠાવે તે તો ન્યાયોચિત છે જ. કારણ કે ભગવાન એટલા તો દયાળુ છે કે દયાના પૂર પ્રવાહમાં સ્વયં પણ વહી જાય છે. તેમના હૃદયમાં જ્યારે દયાનું પૂર ઊભરાય છે ત્યારે ભગવાન ન્યાય કે નીતિના વિધાનને વિસારી દે છે. નીતિ અનુસાર તો તે દયાપાત્ર છે જ નહિ પરંતુ તેઓ આવું કરતા નથી. ભગવાન સર્વના માલિક છે. તેમને કહેનાર કોણ છે? પૂતના જેવી રાક્ષસી, તેમને ઝેર આપવા આવી, પ્રભુએ તેનો પણ ઉદ્ધાર કર્યો. એ જાણવું જોઈએ કે ભગવાનમાં કેટલી દયાળુતા ભરેલી છે. પૂતનાને સ્વપ્નમાં પણ કલ્પના નહોતી કે તેને મુક્તિ મળી જશે. ભગવાન વિચારે છે કે જેનો મારી સાથે સંબંધ થઈ ગયો તેનો ઉદ્ધાર થવો જ જોઈએ. આવું જે ભગવાન બાબતે જાણે છે તે તેમનાથી વિશેષ લાભ મેળવે છે.

આવું જ પ્રેમના વિષયમાં પણ છે. જેઓ એવું જાણે છે કે, ભગવાન હેતુરહિત જ પ્રેમ કરનારા છે અને તેમનામાં પ્રેમની માત્રા ખૂબ જ વધારે છે, આ સંજોગોમાં જો સમગ્ર વિશ્વના પ્રેમને એકત્ર કરીએ તો સંસારનો સમગ્ર પ્રેમ મળીને પણ તે પ્રેમસાગરના એક બુંદ જેટલો પણ નથી. ભગવાન એવા પ્રેમી છે, તેઓ પ્રેમનું જે મૂલ્ય ચૂકવે છે, સંસારમાં બીજું કોઈ ચૂકવી શકે નહિ, પ્રેમનો આદર કરી શકે નહિ. આપણામાં પ્રેમ નથી પરંતુ આપણે માનીએ છીએ કે, ભગવાન પ્રેમનો ખૂબ આદર કરે છે. આપણે એવું જાણીએ છીએ કે ભગવાનને જે થોડોક પણ પ્રેમ કરે છે, તેના બદલામાં પ્રભુ પોતાની જાતને વેચી દે છે. જેની એવી માન્યતા છે કે ભગવાન પ્રેમની જે કિંમત ચૂકવે છે, તેટલી સંસારમાં કોઈ ચૂકવી શકે નહિ,

તે વ્યક્તિ ભગવાનને જ પ્રેમ કરે છે અન્ય કોઈ સાથે કરતો નથી. માત્ર આટલું જાણવાથી જ ભગવાનમાં અનન્ય-શુદ્ધ પ્રેમ થઈ જાય છે અને ભગવાનની પ્રાપ્તિ થઈ જાય છે. આપણે એવું સમજવું જોઈએ કે, ભગવાન જ એકમાત્ર એવા પ્રેમી છે કે જે વિના કારણ પ્રેમ કરે છે. તેમનો પોતાનો કોઈ સ્વાર્થ નથી. ભગવાનનો સ્વભાવ જ પ્રેમ કરવાનો છે. જે આવું માનીને ભગવાનને અનન્ય પ્રેમ કરે છે, તે અવશ્ય લાભ ઉઠાવે છે અને જે આવું જાણે છે તે તો લાભ ઉઠાવે જ છે. જેમનો વાસ્તવમાં ભગવાન સાથે પ્રેમ છે તેમની તો વાત જ શું કરવી!

પ્રશ્ન : જાણવું તથા માનવું બંનેમાં શો તફાવત છે?

ઉત્તર : પ્રથમ માન્યતા હોય થાય છે અને પછી તેનું જ્ઞાન થાય છે.

સર્વ પ્રથમ તો એવું માની લઈએ અથવા સ્વીકારી લઈએ કે ભગવાન જ એવા પ્રેમી છે કે તેમના જેવો સંસારમાં બીજો કોઈ પ્રેમી નથી. ભગવાનમાં કોઈનો થોડોક પણ પ્રેમ હોય તો ભગવાન સ્વયં તેના પ્રેમમાં વેચાઈ જાય છે. જેનો થોડો પણ પ્રેમ હોય છે, ભગવાન તેની ખૂબ કીંમત ચૂકવે છે, આવું કોઈ પણ નથી આપતું. સંસારના મનુષ્યોના પ્રેમનું મૂલ્ય ભગવાનના પ્રેમમૂલ્યની સરખામણીમાં સોમા ભાગ જેટલું પણ નથી, અર્થાત્ કશું જ નથી. ભગવાન જેવું પ્રેમનું મૂલ્ય ચૂકવનાર સંસારમાં બીજું કોઈ નથી, ફક્ત ભગવાન જ છે. આવો મનમાં દૃઢ વિશ્વાસ થઈ જાય તો જ આવી માન્યતા પાકી બને છે. આવો દૃઢ વિશ્વાસ કરી લઈએ તો ભવિષ્યમાં આવી માન્યતાથી જ્ઞાન થઈ જાય છે. ભગવાનનું જ્ઞાન થવાથી એટલી તો શાંતિ અને આનંદ મળે છે - જેની કોઈ સીમા નથી. ભગવાનના પ્રતિ આવી માન્યતા દરમિયાન તેને એવી પ્રતીતિ થાય છે કે આ વાત હું જાણતો જ નહોતો કે ભગવાન આવા છે અને માનતો પણ નહોતો. તે એવું માને

છે કે આ તો મહાપુરુષોની કૃપા છે, જેઓએ મને આ યુક્તિ બતાવી. શાસ્ત્રોની મારા પર મોટી કૃપા છે કે શાસ્ત્રોમાં આવી વાતો વાંચવા મળે છે અને તે ખૂબ પ્રસન્ન થાય છે. દાટેલું ધન મળવાથી જેટલો આનંદ થાય છે તેથી પણ વિશેષ આનંદ મળે છે. ધન તો સામાન્ય બાબત છે પરંતુ લોભી વ્યક્તિ માટે તે સર્વાધિક છે. તેથી ધનનું ઉદાહરણ આપેલ છે. આવી માન્યતા શ્રદ્ધાથી ઉત્પન્ન થાય છે, વિશ્વાસથી થાય છે. આ વિશ્વાસ સાંભળવાથી થાય છે, વાંચવાથી થાય છે, અંતઃકરણ શુદ્ધ થવાથી થાય છે અને ભગવાનની કૃપાથી થાય છે.

ભગવાનની કૃપા તો સર્વ પર હોય જ છે. આવી વાત જે હૃદયમાં સમજે છે કે ભગવાનની કૃપા બધા પર છે, તે પાત્ર બની જાય છે – ભગવાનની દયાનું પાત્ર બને છે. તેના પર ભગવાન સવિશેષ દયા કરે છે. ભગવાન પરમપ્રેમી છે, પરમદયાળુ છે. હેતુરહિત જ દયા તથા પ્રેમ કરનાર છે. દયા કરવી તથા પ્રેમ કરવો એ તેમનો સ્વભાવ જ છે. સૂર્યભગવાન ગરમી આપે છે, પ્રકાશ આપે છે. આ તેમનો સ્વભાવ જ છે. જેમ ગરમી તથા પ્રકાશ પ્રદાન કરવાં એ સૂર્ય ભગવાનનો સ્વભાવ છે. એજ પ્રમાણે ભગવાનનો પણ સ્વભાવ છે કે તે કારણ વિના જ પ્રેમ અને દયા કરે છે. સૂર્ય બાબતે જેમની આ પ્રકારની ધારણા હોય છે તેઓ સૂર્યદેવ પાસેથી વિશેષ લાભ પ્રાપ્ત કરે છે. તેવી જ રીતે ભગવાન વિશે જેમની આવી ધારણા છે તેઓ ભગવાન પાસેથી વિશેષ લાભ મેળવે છે. તે એવું સમજે છે કે, સૂર્ય જેટલો પ્રકાશ ક્યાંય નથી અને સૂર્યના તાપમાં ઘણી ગર્મી છે. તેને જો ગરમીની જરૂરિયાત છે તો તે તડકાથી લાભ ઉઠાવે છે. આવી જ રીતે શ્રદ્ધાવાન વ્યક્તિ ભગવાનની છત્ર-છાયામાં રહી ભગવાન પાસેથી લાભ ઉઠાવે છે. ભગવાન અતિ દયાળુ, અતિ પ્રેમી અને હેતુ વિના દયા તથા પ્રેમ કરનારા છે. ખૂબ જ ઉદારચિત્ત છે, માગ્યા વિના જ આપે છે.

માગવાની જરૂરિયાત જ ક્યાં છે? કારણકે આ તેમનો સ્વભાવ છે. આવો જ સંત-મહાત્માઓનો સ્વભાવ જીવમાત્રનું હિત તથા કલ્યાણ કરવાનો હોય છે. જેમ મહાત્માઓનો સ્વભાવ ઉત્તમ હોય છે, સાધુ સ્વભાવ હોય છે તેવી જ રીતે ભગવાનનો સ્વભાવ તેમનાથી પણ વધુ ચઢિયાતો હોય છે.

જે પુરુષ મહાત્મા નથી, તેનામાં ઊણપ છે, પરંતુ અન્ય લોકો તેને શ્રદ્ધેય માને છે, તેને હૃદયથી મહાત્મા માને છે તેથી તે વ્યક્તિ તેઓ માટે મહાત્મા જ હોય છે; કારણ તે જાણે છે કે લોકો મને મહાત્મા માને છે તેથી જેવો વ્યવહાર મહાત્માનો હોય છે, તેવો જ વ્યવહાર મારે આ લોકો સાથે કરવો જોઈએ. તેમની નજરે હું મહાત્મા છું, તેમનો જે વિશ્વાસ છે શ્રદ્ધા છે તે અનુસાર તેમને લાભ મળવો જ જોઈએ. આમ જે મહાત્મા નથી, જેમાં ખામીઓ છે તે પણ બીજાઓ માટે ઉત્તમ થઈને રહે છે. જ્યારે ભગવાન તો વાસ્તવમાં મહાત્માઓના પણ મહાત્મા, શ્રેષ્ઠથીય સર્વોત્તમ શ્રેષ્ઠ છે. તેમને હકીકતે જે જેવા માની લે છે તેના માટે ભગવાન તેવા જ બની જાય છે અને તે પાત્ર થઈ જાય છે. માન્યતા એવી વસ્તુ છે કે અપાત્ર પણ પાત્ર બની જાય છે. કુપાત્ર પણ સુપાત્ર થઈ જાય છે. તેમાં જે ભાવ છે, માન્યતાની જે ભાવના છે તે પેલા અપાત્રને પણ પાત્ર બનાવી દે છે. જેમ કોઈ વ્યક્તિ વિશ્વાસને લાયક નથી, પરંતુ હું તેને વિશ્વાસયોગ્ય જાણી વિશ્વાસ કરું છું તેથી તે અવિશ્વાસી વ્યક્તિ પણ મારી માન્યતાના બળે વિશ્વાસુ બની જાય છે. કારણ કે તે શ્રેષ્ઠ થવા પ્રયત્ન કરે છે અને શ્રેષ્ઠ બની જાય છે. કદાચિત તે શ્રેષ્ઠ ન પણ બને તો પણ મારી સમક્ષ તો તે શ્રેષ્ઠ થઈને જ રહે છે કારણ કે તે જાણે છે કે આ બધા મારો વિશ્વાસ કરે છે, મને વિશ્વાસુ માને છે તેથી મારે તેમની સમક્ષ વિશ્વાસુ બનીને જ રહેવું જોઈએ. જ્યારે ભગવાન તો પરમ વિશ્વાસપાત્ર છે. તેમનામાં તો કોઈ ખામી છે જ નહીં.

ભગવાન પ્રેમીને તો મળે જ છે પરંતુ મારામાં પ્રેમ ક્યાં છે? પરંતુ મને ખાતરી છે કે ભગવાન મારા ગુણોની ઊણપ જોશે નહિ, મારામાં ખામી તો છે, પરંતુ ભગવાન તે જોતા નથી. તેઓ તો માત્ર એટલું જ જુએ છે કે મારા પ્રત્યે તેનો કેટલો વિશ્વાસ છે, કેવી માન્યતા છે? તેથી ભગવાન બાબતે આપણી શ્રદ્ધા વિશેષ દૃઢ કરવી જોઈએ.

ભગવાન પરમ દયાળુ છે અને તેમની આપણા પર અવિચળ દયા છે. આ સંદર્ભમાં એક વાર્તા* છે, જેનો સારાંશ આ પ્રમાણે છે :

એક ક્ષત્રિય બાળકને માતા-પિતાના સુન્દર શિક્ષણને કારણે તેમના મૃત્યુ પછી ત્યાંના રાજા પર ઉચ્ચકોટિની શ્રદ્ધા થઈ અને તેને કોઈ પ્રકારની ચિંતા-શોક થયાં નહિ, કારણ કે રાજાના પ્રત્યેક કાર્યમાં તે પોતાનું હિત જ માનતો હતો. રાજાના મંત્રી તથા ઉચ્ચ પદાધિકારીને પણ આ વાતની ખબર પડી - જેથી આ સર્વનો અભિપ્રાય લઈ રાજાએ તેને યુવરાજ પદ આપી દીધું. જેની તેને કલ્પના પણ ન હતી.

આ ઉદાહરણથી આપણે એમ સમજવું જોઈએ કે રાજા કોણ છે? રાજા પરમાત્મા છે. અને પેલો છોકરો? તે એવું માનનાર વ્યક્તિ કે રાજા અર્થાત્ ભગવાન અતિ દયાળુ અને પ્રેમી છે, હેતુરહિત દયા અને પ્રેમ કરનાર છે. અપાત્ર પર પણ દયા તથા પ્રેમ કરનાર છે. રાજાના મંત્રીમંડળમાં બેસનારા જે મંત્રી વગેરે હતા તેમાં એક અધ્યાપક પણ હતો. તે બધા ભગવાનના ઉચ્ચકોટિના ભક્ત છે અને તેના જે સહપાઠી હતા, તે સંસારમાં આપણા જે હિતેચ્છુ અને મિત્ર હોય છે, તે છે. તેનું ઘડતર કરનાર

---

* આ વાર્તા **'मनुष्यका कर्तव्य'** નામે પુસ્તકમાં તથા **'उपदेशप्रद कहानियाँ'**માં **'भगवदर्थ कर्म'** તથા **'भगवानकी दयाका रहस्य'** શીર્ષકવાળા લેખમાં છે.

(શિક્ષા-આપનાર) તેનાં માતા-પિતા એ મહાત્મા પુરુષ છે જે આપણને પણ ઉપદેશ આપે છે. તેઓ કહે છે કે મહારાજ એટલે ભગવાન ખૂબ દયાળુ તથા પ્રેમી છે, હેતુરહિત જ દયા તથા પ્રેમ કરનારા છે. આ પરથી આપણે એવો બોધ લેવો જોઈએ કે જેમ પેલા બાળકના મનમાં યુવરાજ પદ પર મારો અભિષેક થશે એવી કોઈ વાત નહોતી, તેને સ્વપ્નમાં પણ આવી કલ્પના ન હતી કે રાજા મને યુવરાજ પદ આપશે. તેવી જ રીતે જે માને છે કે ભગવાનની મારા પર ખૂબ દયા અને અતિ પ્રેમ છે, તે હેતુરહિત જ પ્રેમ તથા દયા કરવાવાળા છે, તેનું આ પરિણામ છે કે તેને યુવરાજ પદની પ્રાપ્તિ અર્થાત્ પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. પરમપદની પ્રાપ્તિ અત્રે યુવરાજ પદ છે. અર્થાત એવી કલ્પના પણ થતી નથી કે આવી શ્રદ્ધાનું આ ઉત્તમ ફળ છે. સાર એટલો જ છે કે, આપણાં મનમાં ધારણા કરવી, શ્રદ્ધા રાખવી કે હું અપાત્ર છું, ખરેખર કોઈ રીતે પણ હું પાત્ર નથી. પરંતુ પ્રભુ એવા તો દયાળુ છે કે જે અપાત્ર છે તેમનું પણ કલ્યાણ કરે છે અને ભગવાનના વિષયે તેની જે ધારણા છે અને એ ધારણાનું જે ફળ છે તે બુદ્ધિથી અગમ્ય છે. મૂળ વાત તો એ હતી કે અપાત્ર હોય કે કુપાત્ર હોય, મનુષ્ય કઈ પ્રકારની માન્યતાથી પરમાત્માની પ્રાપ્તિનો અઈધકારી બની જાય છે. તે આ પ્રકારની ધારણાને સમજીને હરપળ આનંદિત રહે છે કે ભગવાનની મારા પર અત્યંત કૃપા છે, ભગવાન ખૂબ જ દયાળુ છે, પ્રેમી છે. આવું સમજીને ક્ષણે ક્ષણે મુગ્ધ થવું, પ્રસન્ન થવું – આ ભાવના જ તેને પરમાત્માની પ્રાપ્તિને પાત્ર બનાવે છે. આનું નામ છે માન્યતા. પેલા ક્ષત્રિય બાળકને જ્ઞાન નહોતું, તે મા-બાપના બોધને માનતો હતો. આવી જ રીતે આપણે પણ મહાત્માનો ઉપદેશ સાંભળીને મનમાં એવી માન્યતા રાખીએ કે ભગવાન આવા છે - ભગવાન આવા છે અને ખરેખર વિશ્વાસ રાખીએ કે આ હકીકત સત્ય છે

અને ભગવાન બાબતે આપણે એવી ભાવના રાખીએ તો આપણે પણ તેવા પાત્ર બની જઈએ છીએ, બની શકીએ છીએ, તેમાં કોઈ આશ્ચર્યની વાત જ નથી. આમાં આપણું શું ગયું? ભગવાન સંબંધે આવી જે માન્યતા છે તે અપાત્રને પણ પાત્ર બનાવે છે. પ્રત્યેક પળે ભગવાનની આપણા ઉપર કૃપા જોઈ-જોઈને ખુશ થવું અને ખાસ તો 'ભગવાન હેતુરહિત જ પ્રેમ કરે છે' તે જાણીને ખુશ થવું અથવા એ વાત સાંભળીને અને માનીને ખુશ થવું એ શ્રદ્ધાની જ વાત છે. જેવી શ્રદ્ધા હોય છે તેવું ફળ મળે છે. રામચરિતમાનસમાં ચર્ચા આવે છે –

તાત સ્વર્ગ અપબર્ગ સુખ ધરિઅ તુલા એક અંગ ।
તૂલ ન તાહિ સકલ મિલિ જો સુખ લવ સતસંગ ॥

(રામચરિતમાનસ ૫/૪)

હે તાત! સ્વર્ગ અને મોક્ષ બંનેને ત્રાજવાંના એક પલ્લામાં મૂકો અને બીજા પલ્લામાં એક ક્ષણના સત્સંગને મૂકો - તો એક ક્ષણના સત્સંગ સમાન, સ્વર્ગ અને મોક્ષ બંને મળીને પણ થતાં નથી. આ કેવો સત્સંગ છે? સત્ અર્થાત્ પરમાત્માનો સંગ એક નંબરનો સત્સંગ છે અને બીજા નંબરે મહાપુરુષો અર્થાત્ ભગવત્પ્રાપ્ત પુરુષોનો સંગ છે. તે પણ એક પ્રકારે સમાન જ છે પરંતુ એ મહાપુરુષોમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવાં જોઈએ કે આ મહાપુરુષોનો મોક્ષથી પણ અધિક છે. જેમને આવી શ્રદ્ધા છે તેમને મહાપુરુષોનાં દર્શનથી જ એટલો આનંદ અને શાંતિ થાય છે, જેની કોઈ હદ નથી અને તે મહાપુરુષોની પ્રત્યેક ચેષ્ટાને જોઈ જોઈને મુગ્ધ થઈ જાય છે. તેને એમની બધી ચેષ્ટાઓ લીલારૂપ દેખાય છે. જેમ ભગવાનની પ્રત્યેક ચેષ્ટા ગોપીઓને લીલારૂપે જ દેખાતી હતી, તેવી જ રીતે તેને મહાપુરુષોની સર્વ ચેષ્ટાઓને લીલારૂપે દેખાય છે અને તે જોઈ જોઈને ક્ષણે ક્ષણે પળ મુગ્ધ થતો રહે છે. તેનામાં એટલી મુગ્ધતા વધી જાય છે કે તેને પળમાત્રમાં પરમાત્માનું જ્ઞાન થાય

છે અને પરમેશ્વરની પ્રાપ્તિ થઈ જાય છે, તે સમજે છે કે મહાપુરુષ સમાન સંસારમાં કોઈ નથી.

જ્યારે ગરુડજીને મોહ થયો અને તે ઉપદેશ લેવા માટે જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં તેમને શિવજી મળ્યા. શિવજી કહ્યું – હું તો એક અગત્યના કામે જઈ રહ્યો છું, તમે કાકભુશુંડિની પાસે જાઓ. તેઓ ખૂબ જ ઉચ્ચ કોટિના છે. ભગવાન શિવજીનાં આ વચનો પર ગરૂડજીને શ્રદ્ધા થઈ ગઈ અને તેઓ કાકભુશુંડિજીના આશ્રમમાં પહોંચ્યા અને ત્યાં પહોંચતાં જ ક્ષણમાત્રમાં તેમને એટલી શાંતિ, એટલી પ્રસન્નતા અને એટલો તો આનંદ થયો કે જેની કોઈ સીમા ન રહી. ત્યારે જ કાકભુશુંડિજીએ પૂછ્યું, આપ મારે ત્યાં પધાર્યા છો, હું આપનું કયું કાર્ય કરું? ગરુડજીએ કહ્યું, હું જે કાર્ય માટે આવ્યો હતો તે તો આપનાં દર્શન માત્રથી જ થઈ ગયેલ છે. આપના આશ્રમમાં પ્રવેશતાં જ પરિપૂર્ણ થયેલ છે. હવે આપ મને ભગવાનની કથા સંભળાવો. આથી એ વાત સિદ્ધ થાય છે કે ગરુડજીને શિવજીનાં વચનો સાંભળીને વિશેષ પ્રમાણમાં શ્રદ્ધા ઉત્પન્ન થઈ હતી અને તે શ્રદ્ધાના પ્રભાવે કાકભુશુંડિજીનાં દર્શન-માત્રથી, ક્ષણમાત્રમાં તે જે હેતુથી આશ્રમમાં આવ્યા હતા તે કાર્ય સિદ્ધ થઈ ગયું. આથી એ વાત સિદ્ધ થાય છે કે, શ્રદ્ધા હોય તો 'ક્ષણમાત્રમાં કલ્યાણ થઈ જાય છે.' ગરુડજીનો મોહ-એકદમ દૂર થઈ ગયો. કાકભુશુંડિજી ઉચ્ચ કક્ષાના મહાત્મા હતા જ અને ભગવાન શિવનાં વચનો સિદ્ધ બની ગયાં. તેમને શ્રદ્ધા થઈ ગઈ. વિશ્વાસ હોવાથી તેમનું કાર્ય પળમાત્રમાં સિદ્ધ થયું. પરંતુ શ્રદ્ધાના અભાવે કાર્યમાં સફળતા મળતી નથી. જેમ ભગવાન શિવે પોતાનાં ધર્મપત્ની સતીને કહ્યું કે શ્રીરામચંદ્રજી સાક્ષાત્ પરમાત્મા છે, પરંતુ સતીને વિશ્વાસ ન થયો અને તે પરીક્ષા લેવા માટે ગયાં. તે પરીક્ષાનું ફળ એ આવ્યું કે તેમને દક્ષ-પ્રજાપતિને ત્યાં યજ્ઞમાં પોતાના પ્રાણની આહુતિ આપવી પડી.

ભગવાન શિવનાં વચનો પર ગરુડજીને વિશ્વાસ થઈ ગયો. તો પળમાત્રમાં કલ્યાણ થઈ ગયું. તેથી શ્રદ્ધા જ સર્વોપરી છે. ભગવાન શિવજીએ સતીને પણ કહ્યું કે, ભગવાન રામ સાક્ષાત્ મહાપુરુષ છે અને ગરુડજીને કહ્યું કે, કાકભુશુંડિજી મહાપુરુષ છે. રામચંદ્રજી તો મહાપુરુષોનાય મહાપુરુષ, મર્યાદા પુરુષોત્તમ, સાક્ષાત્ બ્રહ્મ, સાક્ષાત્ પરમાત્મા હતા. તેથી વિશ્વાસ-શ્રદ્ધા જ સર્વોપરી છે અને ભક્તિ સાથેના વિશ્વાસનું નામ શ્રદ્ધા છે. આ પુરુષ શ્રદ્ધામય છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે –

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥

(ગીતા ૧૭/૩)

– હે ભરતવંશી અર્જુન! અંતઃકરણ પ્રમાણે જ સર્વની શ્રદ્ધા હોય છે. આ પુરુષ શ્રદ્ધામય છે. જેની જેવી શ્રદ્ધા છે, તે પુરુષ તેવો જ છે અર્થાત્ તેની તેવી જ સ્થિતિ છે, તેવી જ નિષ્ઠા છે. તેથી ભગવાનની દયા તથા પ્રેમ પર દૃઢ વિશ્વાસ રાખીને આપણે તેનો વિશષ લાભ મેળવવો જોઈએ.

—■—

મનુષ્ય-શરીરની ઉપયોગિતા

આપણે બધાંએ ભગવાન તથા મહાપુરુષોનાં વચનો પર શ્રદ્ધા તથા પૂર્ણ વિશ્વાસ રાખીને તે પ્રમાણે મન લગાવીને દૃઢસંકલ્પથી પ્રયત્ન કરવો જોઈએ. પછી આપણો ઉદ્ધાર થવામાં વિલંબ જ શું છે! આસુરી સંપત્તિ અને તેનાં પરિણામ સંબંધમાં ભગવાને ગીતામાં કહ્યું છે :

દમ્ભો દર્પોઽભિમાનશ્ચ ક્રોધઃ પારુષ્યમેવ ચ।
અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ સંપદમાસુરીમ્॥
આસુરીં યોનિમાપન્ના મૂઢા જન્મનિ જન્મનિ।
મામપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્॥

(ગીતા ૧૬/૪, ૨૦)

પાખંડ, ઘમંડ, અભિમાન, ક્રોધ કઠોર વચન અને અજ્ઞાન - આ બધું આસુરી સંપત્તિ છે. આવા અવગુણયુક્ત પુરુષો મને ન પ્રાપ્ત થતાં વારંવાર આસુરી યોનિમાં જન્મ લે છે તથા તેનાથી પણ અધમ ગતિ અર્થાત્ નરકમાં જાય છે.

અર્થાત્ આવા પાપીઓને હું આસુરી યોનિઓમાં, તિર્યક્યોનિઓમાં – પશુ-પક્ષી, કીટ-પતંગ વગેરે યોનિઓમાં વારંવાર નાખું છું અને તેમને મારી પ્રાપ્તિ ન થતાં વધારે અધમગતિ અર્થાત્ રૌરવ, મહારૌરવ, કુમ્ભીપાક વગેરે નરકોમાં જવું પડે છે. તેથી આ વચનો પર જો આપણે શ્રદ્ધા રાખીએ તો આસુરી યોનિના

જેટલા પણ દુર્ગુણ – દુરાચાર છે તે આપણી નજીક આવી જ કઈ રીતે શકે? અને આપણે તેમને જોઈ પણ કઈ રીતે શકીએ? જેમ આપણે ક્યાંક બજારમાં જઈએ અને ત્યાં ખરાબ વસ્તુઓ – માંસ-મદિરા વગેરેનું બજાર હોય તો તે રસ્તાને આપણે દૂરથી જ છોડી દઈએ છીએ. જ્યાં ઈંડાં, માછલી વગેરે વેચાય છે, તે રસ્તા પર આપણે જતા નથી. ખાવાની તો વાત જ નથી, તેનો સ્પર્શ પણ કરતા નથી, સ્પર્શને પણ પાપ માનીએ છીએ. આ પ્રકારે જેટલાં પાપકર્મ છે - ખોટું બોલવું, ચોરી કરવી, જુગાર રમવો, વ્યભિચાર કરવો, હિંસા કરવી, દારૂ પીવો, માંસ ખાવું વગેરે જેટલાં પણ ખરાબ કામો છે તેનો મનુષ્ય દૂરથી જ ત્યાગ કરી દે તો આ દોષો તેની નજીક પણ આવશે નહિ. જેમ સૂર્ય-સમ્મુખ અંધકાર આવી શકતો નથી, તેમ દૈવી-સમ્પદાની નજીક આસુરી સમ્પદાનાં કોઈ પણ લક્ષણ ફરકી શકતાં નથી.

આવી જ રીતે હૃદયના ખરાબ ભાવો જેવા કે – કામ, ક્રોધ, લોભ, મોહ, અભિમાન, રાગ-દ્વેષ જેવા દુર્ગુણ દૈવીસંપદાયુક્ત મનુષ્યમાં પ્રવેશી શકતા નથી. આના માટે પણ ભગવાન કહે છે - કામ, ક્રોધ, લોભ - આ ત્રણે સાક્ષાત્ નરકનાં દ્વાર છે - નરકના દરવાજા છે. નરકમાં લઈ જનારા છે, આત્માનું પતન કરનારા છે. આ ત્રણેનો તું ત્યાગ કર.

કામ-વાસના, વ્યભિચાર દ્વારા નરકમાં લઈ જાય છે અને ક્રોધ, હિંસા દ્વારા નરકમાં લઈ જાય છે, જ્યારે લોભ, જૂઠ-કપટ તથા અપ્રામાણિકતા દ્વારા નરકમાં લઈ જાય છે. આ બધા નરકમાં લઈ જનારા છે. જ્યારે મનુષ્ય આ પ્રમાણે પ્રભુનાં વચનોપર શ્રદ્ધા રાખી એમ સમજી જાય છે કે આવું કરવાથી નરકમાં જવું પડશે ત્યારે તે આ બધાને શા માટે તક આપે. દુર્ગુણ, દુરાચાર વગેરે પાપ કર્મ છે, તેથી પાપ-દુર્ગુણ-દુર્વ્યસન ખૂબ જ ખરાબ વસ્તુ છે, તેવાં

શાસ્ત્રોનાં વચનોમાં શ્રદ્ધા રાખીને આપણે સત્વરે તેમને તજી દેવાં જોઈએ. સાથોસાથ આળસ, પ્રમાદ, પાપ, દુર્ગુણ, દુરાચાર તથા વિલાસ ઉત્પન્ન કરનાર ભોગોનો પણ ત્યાગ કરી દેવો જોઈએ. ત્યાગ નહિ કરવાથી આગળ જતાં એનાથી પાપ ઉત્પન્ન થાય છે. આવી વાતો શાસ્ત્ર, ગીતા, ભાગવત, મહાભારત વગેરેમાં આપણને ઉપદેશરૂપે મળે છે. તેના પર શ્રદ્ધા રાખી નિશ્ચય કરી લેવો જોઈએ કે, આ બધું આપણા માટે નુકસાનકારક છે, એવું સમજી તેનો આપણે ત્યાગ કરી દેવો જોઈએ. આ માત્ર એક મિનિટનું કામ છે. એક મિનિટમાં વિચારી લઈએ કે 'આજપર્યંત જે થયું તે થયું, હવે પછી તેવું થશે નહિ'. અત્યાર સુધીમાં જે થયું છે, તેને ગંગામાં સ્નાન કરીને ધોઈ નાખ્યું. જ્યારે ગંગામાં સ્નાન કર્યું તો અગાઉનાં બધાં પાપ, બધા દુર્ગુણો – બધું જ ભસ્મ થઈ ગયું. હવે પછી તે રસ્તે જવું નથી, કરવું જ નથી જૂનાં પાપોની સમાપ્તિ થઈ ગઈ તો આ યજ્ઞ થઈ ગયો. આવા સાધનનું નામ છે યજ્ઞ. ગીતામાં ભગવાને કહ્યું છે–

ગતસઙ્ગસ્ય મુક્તસ્ય જ્ઞાનાવસ્થિતચેતસઃ ।
યજ્ઞાયાચરતઃ કર્મ સમગ્રં પ્રવિલીયતે ॥

(ગીતા ૪/૨૩)

'આસક્તિરહિત અને જ્ઞાનમાં સ્થિત થયેલા ચિત્તવાળા, યજ્ઞને માટે આચરણ કરનારા મુક્ત પુરુષનાં બધાં જ કર્મો નાશ પામે છે.'

આ પ્રકારના સાધનથી સર્વ-અમંગળ, ભૂત તથા વર્તમાનનાં સર્વ પાપોનો નાશ થાય છે– **'સમગ્રં પ્રવિલીયતે।'** અને સાધક ભગવતપ્રાપ્તિ માટે સાધન કરવા લાગે છે.

જે મનુષ્ય પોતાનાં સત્કર્મો ભગવાનને સમર્પણ કરે છે ત્યારે ભગવાન તેને ખરાબ કર્મોનાં ફળ પણ ભોગવવા દેતા નથી. જે

એવું કહી દે છે કે – હે પ્રભુ! મેં જે કાંઈ પણ યજ્ઞ-દાન કર્યાં છે તે સર્વ આપને અર્પણ કરું છું – **'શ્રીકૃષ્ણાર્પણમસ્તુ!'** ત્યારે ભગવાન કહે છે, તારાં જેટલાં પાપો છે - તેમને હું માફ કરું છું. આટલી વારનું કામ છે. જન્મ-જન્માંતરમાં જે કાંઈ પણ પુણ્ય કર્મ કરેલ છે તે સર્વને આપણે ક્ષણમાત્રમાં ભગવાનને અર્પણ કરી દઈએ તો તુરંત બંધન-મુક્ત થઈ જઈએ. આમ, યજ્ઞ-દાન-તપ ભગવાનને અર્પણ કરીને જે પુણ્ય આપણે અર્પણ કર્યું તો ભગવાન પુણ્ય અને પાપ બંનેમાંથી તત્કાળ મુક્તિ આપે છે. સ્વયં ભગવાને ગીતામાં કહ્યું છે –

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥

(ગીતા ૯/૨૭)

હે અર્જુન! તું જે કંઈ કર્મ કરે છે, જે જમે છે, જે હોમે છે, જે દાન કરે છે. તથા જે તપ કરે છે, તે સર્વ તું મને અર્પણ કર, કારણ કે જ્યારે શ્રેષ્ઠ કર્મો તું મને અર્પણ કરી દેશે તો તું શુભ-અશુભ એમ બંને પ્રકારનાં કર્મ-ફળથી મુક્ત થઈ જઈશ.

શુભાશુભફલૈરેવં મોક્ષ્યસે કર્મબન્ધનૈઃ ।
સંન્યાસયોગયુક્તાત્મા વિમુક્તો મામુપૈષ્યસિ ॥

(ગીતા ૯/૨૮)

જ્યારે તું પુણ્યફળ ઈચ્છીશ નહિ ત્યારે હું તને પાપ-ફળને ભોગવવા દઈશ નહિ. આમ, બંને પ્રકારનાં કર્મોના બંધનથી તું તરત જ મુક્ત થઈ જઈશ. પાપોની સજા ભોગવવામાંથી બચી જઈશ. એટલું જ નહિ, સંન્યાસયોગયુક્તાત્મા (સંન્યાસયોગથી યુક્ત થયેલા મનવાળો) બની મને પ્રાપ્ત થઈશ.

ભગવાને આ પ્રકારની છૂટ આપી દીધી છે, તેથી આપણે આજપર્યંતના – જન્મ-જન્માંતરનાં સર્વ પુણ્ય ભગવાનને અર્પણ કરી

દઈએ જેથી ભગવાન આપણને પાપોથી પણ મુક્ત કરી દેશે. આમ, હિસાબ સરભર થઈ જશે. હિસાબ સરભર થતાં જ મુક્ત થઈ ગયા. કેટલી સરળ વાત છે. આપે હજારો જન્મ-જન્માંતરમાં જે પુણ્ય આદિ કર્યાં છે, એ સઘળાં ભગવાનને સમર્પણ કરવાં એ એક પળનું જ કામ છે. એક પળમાં ભગવાનને સમર્પણ કરી દઈએ તો પુણ્ય અને પાપ બંનેનાં બંધનોમાંથી આપણે સદાને માટે મુક્ત થઈ જઈશું. આ ભગવાનના વચન છે, કાંઈ મારાં નથી. હવે તમે જ કહો, કલ્યાણ થવામાં કેટલો સમય લાગ્યો. જો માનવી આ રહસ્યને પામી જાય, તત્ત્વને સમજી જાય અને આ રીતે પુણ્ય-ફળનો ત્યાગ કરી દે તો તે ત્યાગનું આ ફળ પ્રાપ્ત થઈ જાય.

ભગવાનનાં ધ્યાનથી પણ ઉત્તમ છે કર્મ-ફળનો ત્યાગ, કેમ કે ત્યાગથી શાંતિ મળે છે - પરમશાંતિ મળે છે.

'ધ્યાનાત્ કર્મફલત્યાગસ્ત્યાગચ્છાન્તિરનન્તરમ્।'

(ગીતા ૧૨/૧૨)

આથી આપણાં સર્વ કર્મો ભગવાનને અર્પણ કરી દેવાં જોઈએ. કર્મોનું બધું ફળ છોડી દેવું જોઈએ. કેવળ ફળ-ત્યાગથી જ કલ્યાણ થાય છે. જે આ તત્ત્વને સમજી લે છે તે સત્વરે પાપોથી મુક્ત થઈને પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે. કર્મફળોનો હૃદયથી ત્યાગ કરવો જોઈએ. ધારો કે એક ભાઈ ઉપર લાખ રૂપિયાનું દેવું છે અને કેટલાય લોકોને ચૂકવવા બાકી છે. તેની પાસે માત્ર પચીસ હજારની રકમ છે, તે પોતાની પૂંજી સરકારશ્રીને અથવા મહાજનને સુપરત કરે છે અને કહે છે કે મારી પાસે જેટલી પૂંજી છે તે બધી તમને આપી દઉં છું. આનાથી આપ મારું દેવું સરભર કરી આપો. પ્રવૃત્તમાન કાયદા મુજબ કોઈ દેવાળિયો જાહેર થાય અને સર્વસંપત્તિ પ્રમાણિકતાથી સરકારને સુપરત કરી દે ત્યારે સરકાર પચીસ હજાર રૂપિયામાં પણ એક લાખનું દેવું ચૂકતે કરાવી દે

છે. નિર્ણય કરે છે કે આ વ્યક્તિ દેવાળીયો થઈ ગયો છે તેથી પ્રત્યેક લેણદારોને ચોથા ભાગની રકમ મળશે.

પરંતુ ભગવાનના દરબારમાં આનો અલગ કાયદો છે. તેમનો નિયમ એવો છે કે આપણી પાસે જે કાંઈ ધન છે તે લાવીને ભગવાનના દરબારમાં ધરી દઈએ ત્યારે ભગવાન પોતાના પ્રિય ભક્તને દેવાળિયો જાહેર કરતા નથી પરંતુ પોતાની ધન-રાશિમાંથી ખૂટતી રકમ આપીને લેણદારોની માગણી પૂરી કરી વિદાય કરશે અને ભક્તને મુક્ત કરી દેશે.

ભગવાન વારંવાર એક જ વાત કહે છે, 'તમારી પાસે જે કાંઈ પણ છે તે બધું મને અર્પણ કરો, પછી તમારાં પાપ અને પુણ્ય - આ બંનેના ફળ-બંધન – બધી જવાબદારી મારી છે.' પુણ્ય-કર્મ સોનાની સાંકળ છે તો પાપકર્મ લોખંડની સાંકળ છે. અર્થાત્ પુણ્ય કર્મ કરનાર સ્વર્ગમાં જાય છે અને પાપકર્મ કરનાર નરકમાં જાય છે. જે મનુષ્ય પોતાને પ્રાપ્ત સ્વર્ગનો ત્યાગ એવા ભાવથી કરે છે કે 'પોતાનું પુણ્ય કર્મ તો અમે પ્રભુને અર્પણ કરીએ છીએ.' ત્યારે ભગવાન કહે છે–જ્યારે આ પોતાના પુણ્યકર્મ મને અર્પણ કરે છે ત્યારે પુણ્ય કર્મનું જે ફળ છે એટલો જ લાભ જો તેને આપું તો આ પુણ્યકર્મ ફળ મને અર્પણ કરવાનો એને ફાયદો શું? આવું તો કોઈ પણ જગ્યાએ મળી જાય છે.' અર્પણ કરનારને પ્રભુ પૂછે છે કે તારા પર દેવું કેટલું છે? તે કહે છે 'પ્રભુ! એક લાખ રૂપિયાનું દેવું છે' અને મારી પૂંજી છે માત્ર પચીસ હજાર રૂપિયા.' ત્યારે ભગવાન કહે છે– વાંધો નથી, જાઓ, મોજ કરો. અર્થાત્ ભગવાન તેને બધા ઋણોમાંથી મુક્ત કરે છે. કારણકે ભગવાનને ત્યાં તો કોઈ કમી નથી. જ્યારે તે શરણાર્થી બનીને કહે છે કે પ્રભુ! ઋણ ચૂકતે કરી દો, તો ભગવાન ચૂકવી દે છે, અને તુરત જ તેને ઋણમુક્ત કરી દે છે. આવી પ્રભુની ભાવના છે. પ્રભુ

આવા દયાળુ છે કે, માત્ર શરણે જવાથી જ બેડો પાર થાય છે. સંસાર સાગરને ઝડપથી પાર કરવા માટે આ એક માત્ર સરળ રસ્તો છે.

મનુષ્ય જો આજે જ પોતાનું કલ્યાણ ઇચ્છે તો, પોતાનું જે કાંઈ છે તે પ્રભુને અર્પણ કરી દે. અને સમર્પણ કરી નિશ્ચિંત થઈ જાય. પછી જગતનું કલ્યાણ કરે. માત્ર 'સ્વ'નું જ કલ્યાણ કરવાનું નથી. બધા દુઃખી થઈ રહ્યા છે, અને **'ત્રાહિમામ્ ત્રાહિમામ્'**નો આર્તનાદ કરી રહ્યા છે, એ સર્વનો ઉદ્ધાર કરે. પ્રશ્ન એ છે કે સર્વનું કલ્યાણ કેવી રીતે થશે?

જવાબ છે – જેમ આપણું કલ્યાણ થશે તેમ સર્વનું કલ્યાણ થશે. ભગવદર્થ કર્મથી આપણો ઉદ્ધાર થાય છે, તેમ સર્વનો ઉદ્ધાર થાય છે. આપણે એવો પ્રયત્ન કરીએ કે, સર્વ કોઈ ભગવત-હેતુ જ કર્મ કરે, જેથી સર્વનું કલ્યાણ થઈ જાય. જ્યારે આપણે આવા બનીશું ત્યારે આપણી વાણીનો પ્રભાવ પડશે. લોકો તે પ્રકારે કરવા પણ માંડશે અને સર્વનું કલ્યાણ થઈ જશે. જે મનુષ્ય આવો ત્યાગી હોય છે તેનો પ્રભાવ પડે છે. હૃદયમાં એવો ભાવ રાખવો જોઈએ કે, સર્વ કોઈ ભગવાનના ભક્ત બને, બધા મુક્ત થઈ જાય. બધા પરમાત્માને પ્રાપ્ત થઈ જાય. તેમાં આપણે શું ખોયું? આ ભાવના ખૂબ જ ઉચ્ચ છે. તેમાં કશું ખર્ચ નથી. પરિણામે તેનું કલ્યાણ થાય જ છે અને તેના પ્રતાપે બીજાનું પણ કલ્યાણ થાય છે. આ પ્રકારે આપણું વર્તન ભગવદર્થ હોવું જોઈએ. 'સર્વમાં ભગવાન વિરાજમાન છે, અને જીવમાત્રની સેવા તે પ્રભુસેવા છે' આવી ભાવનાથી આપણે સેવા કરીશું ત્યારે આપણા આનંદની સીમા નહિ રહે. જો કદાચ સાક્ષાત્ પરમકૃપાળુ પરમેશ્વર અહીં આવે અને તેમની સેવા કરવાની તક મળે તો કેટલો આનંદ મળશે તેની કલ્પના થઈ શકતી નથી તેની કોઈ સીમા નથી. આખો દિવસ આપણે પ્રભુની

સેવા કરતા રહીએ તો પછી આનંદનું તો કહેવું જ શું? આવી તક ખૂબ જ નસીબદારને મળે છે. આવી તક સૌભાગ્યથી લક્ષ્મણજીને ચૌદ વર્ષ માટે મળી.

લક્ષ્મણજી પોતાની માતા પાસે જઈને કહે છે 'મા! ભગવાન રામ વનમાં જઈ રહ્યા છે અને માતા સીતા તેમની સાથે જઈ રહ્યાં છે. તેમની સેવા કરવા માટે મારી પણ તેમની સાથે જવાની ઇચ્છા છે.' ત્યારે માતા કહે છે, 'જ્યારે સીતા-રામ વનમાં જઈ રહ્યાં છે ત્યારે તારું અહીં શું કામ છે? પુત્ર! મારો એ જ ઉપદેશ અને આદેશ છે કે, રામને પિતા અને સીતાને માતા સમાન જાણી તેમની સેવા કરજે. અહો! મા કેવો ઉપદેશ આપી રહી છે. એટલું જ નહિ. કહે છે –

તુમ્હરેહિં ભાગ રામુ બન જાહીં। દૂસર હેતુ તાત કછુ નાહીં॥

(રામચરિતમાનસ ૨/૭૫/૩)

હે તાત! તારાં સદ્‌ભાગ્યે જ રામ વનમાં જઈ રહ્યા છે. તારાં ભાગ્યનાં દ્વાર ખુલી ગયાં છે. તારું અહોભાગ્ય છે કે વનમાં રામની સેવા કરવાની તક તને મળશે એ સિવાય બીજું કોઈ કારણ નથી. રામના વનવાસ માટે કેટલાકના મતે મંથરા કારણ છે. કૈકેયી પણ નિમિત્ત બનેલ છે. આ બધાં તો હકીકતે નિમિત્તમાત્ર જ છે. મૂળ વાત તો એ છે કે 'તારૂં ભાગ્ય ખુલી ગયું છે.' અહીં તો સેવા કરનાર અનેક હતા. તને સેવાની તક ક્યાં મળતી હતી? પરંતુ ત્યાં વનમાં ભગવાન રામની, સીતાની સેવાની અમૂલ્ય તક તને મળી ગઈ. તારા મનમાં ભગવાનની સેવાનો સીતાની સેવાનો ભાવ જાગ્યો આજે હું પણ મારું પરમભાગ્ય માનું છું, આજે હું સાચા અર્થમાં પુત્રવતી હોવાનું અનુભવું છું.

પુત્રવતી જુબતી જગ સોઈ। રઘુપતિ ભગતુ જાસુ સુતુ હોઈ॥

(રામચરિતમાનસ ૨/૭૪/૧)

તે જ સ્ત્રી જ પુત્રવતી છે, જેનો પુત્ર ભગવાનનો ભક્ત છે, રઘુનાથજીનો ભક્ત છે. આજે મારું અહોભાગ્ય છે કે તું મારી કૂખે જન્મ્યો. તેથી આજે હું પુત્રવતી છું. જે સ્ત્રીનો પુત્ર ભગવાનનો ભક્ત નથી તેવા પુત્રથી મોટું નુકસાન છે. તેણે ગાય, ભેંસની જેમ સંતાનને જન્મ આપ્યો છે, તેનાથી વાંઝણી સારી છે. માતા સુમિત્રા કેવા આશીર્વાદ આપીને પુત્રને વિદાય કરે છે, કહે છે - 'પુત્ર! મારો આ ઉપદેશ છે, આદેશ છે કે વનમાં જઈ ભગવાન રામ તથા સીતાની સેવા કર.'

આપણી પણ જ્યારે સર્વમાં ભગવદ્‌બુદ્ધિ થઈ જાય ત્યારે આપણે કરેલ સર્વની સેવા ભગવાનની સેવા હશે. આવી રીતે સેવા કરવાથી જો શાંતિ-પ્રસન્નતા-આનંદ મળે તો ઠીક છે. પરંતુ શાંતિ - પ્રસન્નતા - આનંદ મળે નહિ તો સમજો કે તેમનામાં આપણી ભગવદ્‌બુદ્ધિ નથી. અત્યારે તો આપણો એવો ભાવ છે કે આ મનુષ્ય છે, આ પશુ છે, આ પક્ષી છે, પરંતુ જો આપણો બધાની સર્વમાં ભગવતબુદ્ધિ થઈ જાય તો આંપણા સર્વનો ભાવ જ બદલાઈ જાય કે બધા ભગવાન છે. ભગવાન આપણે ઘેર પધારેલ છે, આપણે તેમને ભોજન કરાવીએ છીએ. ધારો કે આપણને રસ્તે જતાં ગાય મળી ગઈ ત્યારે એવું માનો કે, 'પ્રભુ અત્રે ગાય માતાનું રૂપ ધારણ કરીને ઊભા છે.' સામે કોઈ ઝાડ દેખાય તો સમજો કે પ્રભુએ અત્રે વૃક્ષનું રૂપ ધારણ કરેલ છે. આમ, જ્યારે સર્વમાં આપણી ભગવત્‌બુદ્ધિ થશે ત્યારે સર્વનાં દર્શનથી આપણાં અંતરમાં સદા એક અલૌકિક આનંદ થતો રહેશે. આપણો ભાવ બદલાઈ જશે અને જીવન બદલાઈ જશે.

ભાવ બદલાઈ જવાની સાથે જ સમગ્ર ક્રિયા બદલાઈ જાય છે, આ અમે નજરોનજર જોયેલું છે. પહેલાંની વાત છે કે એક મુકુન્દજી પાંડેય હતા. આજથી થોડા વર્ષો પૂર્વે અહીં સ્વર્ગાશ્રમમાં

રાણીની કોઠીની પાસે જ આવેલ કાનપુરની કોઠીમાં મારો નિવાસ થતો. ઘણાં વર્ષોથી હું ત્યાં ઊતરતો હતો. તેઓ મને મળવા આવ્યા હતા. તેઓ ખૂબ જ પ્રેમી અને ભાવુક વ્યક્તિ હતા. અગાઉ તેઓ ક્યારેય મને મળ્યા નહોતા. પત્ર-વ્યવહારથી ઓળખાણ થઈ હતી. એક દિવસ સવારે આઠ વાગે કોઠીથી નીકળી હું પ્રવચન આપવા વડના ઝાડ તરફ જઈ રહ્યો હતો, સામેથી પાંડેજી આવતા હતા. તેમની સાથે એક નોકર હતો, જેની પાસે એક પાથરણાનું પોટલું હતું અને પાંડેજીના હાથમાં પણ એક-બે વસ્તુઓ હતી. મેં અનુમાન કર્યો કે આ વ્યક્તિ મારા ઉતારા તરફ જઈ રહી છે. સંભવતઃ કોઈ સત્સંગી ભાઈ હશે. અને મને મળવા જ આવતા હશે. મેં પૂછ્યું કે આપ ક્યાંથી પધારો છો, કોણ છો, તથા ક્યાં જાઓ છો? તેમણે પ્રેમથી જવાબ નહીં આપતાં ઉપેક્ષાથી કહ્યું કે 'હું જયદયાલજી પાસે જાઉં છું.' હું જ જયદયાલ છું તેવી તેમને ખબર નહોતી. તેઓ આગળ જવા માંડ્યા. મારી સાથે બીજા લોકો હતા. તેઓએ સંકેતથી કહ્યું કે 'આમનું જ નામ છે.' હું પોતે પૂછી રહ્યો છું તો પણ મારી અવગણના કરી રહ્યા છે, મારી તરફ જોતા પણ નથી અને ઉતારા તરફ આગળ વધી રહ્યા છે. જ્યારે લોકોએ સંકેત કર્યો કે તમે જેમની પાસે જાઓ છો તેઓ આ રહ્યા - સન્મુખ છે. તેમના હાથમાં જે વસ્તુઓ હતી તેને ફેંકી દીધી અને એવા તો લાંબા થઈ ગયા કે શું કહેવું, તેઓ બોલ્યા, 'હું આપને ઓળખી શક્યો નહિ કે તમે જ છો! હું આપની પાસે જ આવતો હતો.' જ્યાં સુધી તેમણે મને ઓળખ્યો નહીં. ત્યાં સુધી તો 'જાણે કોઈક બીજો માણસ છે એ રીતે મને સમજીને ઉપેક્ષા કરીને જઈ રહ્યા હતા અને જ્યારે જાણી ગયા કે જેમની પાસે હું જઈ રહ્યો છું તે આ જ છે ત્યારે તેમનો ભાવ બદલાઈ ગયો. આ પ્રકારે આપણે સર્વને પશુ, પક્ષી મનુષ્ય તેવું માનીએ છીએ. આપણી આ દશા

છે. આપણો ભાવ બદલાયેલો છે. જ્યારે આપણે એમ સમજીશું કે જે પરમાત્માને પ્રાપ્ત કરવાના છે તે ભગવાન પ્રાણીમાત્રમાં વિરાજમાન છે, ત્યારે ક્ષણમાં આપણી ભાવના બદલાઈ જશે. આ પ્રસંગ એટલા માટે કહ્યો કે એક ક્ષણમાં તેમનો ભાવ બદલાઈ ગયો. તેમની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

ભાવ જ મુખ્ય વાત છે. આપણો વર્તમાન ભાવ આવો છે કે, આ મનુષ્ય છે, પશુ છે, પક્ષી છે. જાનવર છે, વૃક્ષ છે, ગાય છે, – એમાં જો આપણો એવો ભાવ થઈ જાય કે, અહો! પ્રભુ આ બધાંના રૂપે પ્રગટ થયા છે તો એક જ ક્ષણમાં આપણો ભાવ બદલાઈ જશે. ત્યારે શાંતિ-આનંદનો પાર રહેશે નહીં. આવું અમે તથા અન્ય લોકોએ નજરોનજર જોયું છે.

ભાવ બદલવાની વાત પર વિચારીએ કે જે પ્રભુને આપણે શોધી રહ્યા છીએ તે આપણા બધામાં પ્રત્યક્ષ બિરાજે છે. આપણે સંસારને વિવિધ પ્રકારના રંગોમાં જોઈએ છીએ, તે આપણો દૃષ્ટિદોષ છે. જો આપણે લીલા રંગનાં ચશ્માં પહેરી લઈએ તો સમગ્ર સંસાર આપણને લીલોછમ દેખાય છે. વાસ્તવમાં તો આ મિથ્યા ચશ્મા છે, કારણ કે એનાથી બધો સંસાર લીલો દેખાય છે, પરંતુ સંસાર લીલો હોતો નથી. હકીકતે સંસાર લીલો છે જ નહીં, રંગબેરંગી છે. વિવિધરંગી છે. લીલા ચશ્માં પહેરવાથી તે લીલો દેખાવા લાગે છે. આવી જ રીતે આપણા હૃદય ઉપર સંસારના ખોટા ચશ્મા ચઢેલા છે. તે ચશ્મા ઉતારવાના છે. તે ઉતારતાંની સાથે જ ભગવાનનું સ્વરૂપ પ્રત્યક્ષ દેખાય છે. જેવું છે તેવું જણાય છે. અથવા આપણાં હૃદયમાં હરિના રંગના ચશ્મા ચઢાવી લો. ભાવના ચશ્મા ચઢાવી લે, તો સમગ્ર સંસાર હરિસ્વરૂપ દેખાશે. આજે હરિના રંગના ચશ્માં પહેરાવાના છે તે સાચા ચશ્મા છે હકીકતે સર્વમાં ભગવાન છે. ગીતામાં કહે છે –

બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ।
વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ ॥

(ગીતા ૭/૧૯)

અનેક જન્મોના અંતે, ચોર્યાસી લાખ યોનિઓમાં ફરતાં-ફરતાં આ માનવ શરીર મળ્યું છે - તે અનેક જન્મોના અંત પછીનો જન્મ છે. બીજો ભાવ એ છે કે સાધન કરતાં કરતાં આપણા ઘણાં જન્મ વીતી ગયા પરંતુ કોઈમાં આપણો ભગવદ્‌ભાવ ન થયો. ભગવાન કહે છે—સાધન કરતાં કરતાં 'જે કંઈ છે તે સર્વ વાસુદેવ છે', આવી રીતે જે મને ભજે છે, મારાં સ્વરૂપનો અનુભવ કરે છે તે મહાત્માઓમાં પણ દુર્લભ મહાત્મા છે. અનેક જન્મોના અંતે આ માનવદેહ મળેલ છે તેથી આ જન્મના અંતે બીજો જન્મ થવો જોઈએ નહિ. આ મનુષ્ય જન્મ બધા ભવિષ્યના જન્મોનો અંત કરનાર છે. કારણ કે માનવજીવનમાં જ કલ્યાણ થાય છે.

આ માનવદેહે આપણે હયાત છીએ. આપણા માટે આ માનવદેહ અંતિમ જન્મ છે અને આ જન્મ ભવિષ્યમાં થનારા સર્વ જન્મોનો અંત લાવનાર છે. અંત ક્યારે થાય છે, જ્યારે 'સર્વ કાંઈ વાસુદેવ જ છે' તેવી ભાવના દૃઢ થઈ જાય છે. આવું કરવામાં આપણું શું જાય છે? નથી તેમાં કોડીનો ખર્ચ કે નથી છદામનો કે નથી એકેય પૈસાનો. આ ભાવનાની કેટલી પ્રશંસા કરીએ. આવું માનનાર મહાત્મા અત્યંત દુર્લભ છે – **'સ મહાત્મા સુદુર્લભઃ।'** તેમાં નથી કોઈ સમય આપવાનો કે નથી કોઈ પરિશ્રમ કરવાનો. એક માત્ર ભાવ જ તો છે, આપણે અકડ શા માટે રાખવી કે અમે નહીં માનીએ. સાચી વાતને માનવામાં વાંધો ક્યાં છે? જ્યારે ભગવાનનું વચન છે તો ભગવાનના વચન મિથ્યા થઈ શકે નહિ. ભગવાન સ્વયં કહે છે કે, 'જે કાંઈ પણ છે તે બધું હું જ છું' તેનો સ્વીકાર કરી લેવો જોઈએ – કે પ્રભુ બરાબર કહી રહ્યા છે. 'સર્વ કાંઈ વાસુદેવ જ છે' આ

પ્રકારે ભજનાર – માનનાર મહાત્મા છે અને નહિ ભજનાર સંસારી જીવ છે. આપણે સંસારી-જીવની કક્ષામાં શા માટે રહીએ. આપણે પણ મહાત્માની કક્ષામાં શા માટે ન આવીએ? ભગવાન કહે છે – 'જે કાંઈ છે તે સર્વ મારું સ્વરૂપ છે,' આ વાતને સ્વીકારતાંની સાથે જ તે સ્વીકારનારનું જીવન જ બદલાઈ જાય છે. આપ સ્વીકાર કરીને જોઈ લો. પોતાની બુદ્ધિમાં આવો દૃઢ-નિર્ધાર કરીને જોઈ લો. આપને એમાં કશું કરવાનું તો છે જ નહીં માત્ર ભાવ જ બદલવાનો છે. ભાવ બદલવામાં આપણાં જેટલા ખરાબ ભાવ છે તે સર્વ ભસ્મ થઈ જાય છે અને ક્ષણમાત્રમાં પરમાત્માની પ્રાપ્તિ થાય છે, આપણે તો કશું કરવા-ધરવાનું છે જ નહીં.

ગીતામાં એક-એક વાત એવી છે જેને માનવાથી જ મુક્તિ થઈ જાય છે. કશું કરવાનું નથી – જપ કરો, ધ્યાન કરો કે પૂજા કરો, નમસ્કાર કરો, ભક્તિ કરો – આ કશું જ કરવાનું નથી. માત્ર ભગવાનના વચનોનો આપણે સ્વીકાર કરી લઈએ, તેમને સાચા માની લઈએ તો આપણો બેડો પાર છે. ભગવાન કહે છે, 'હું સર્વનો સાથી-મિત્ર છું' કારણ વિના જ દયા તથા પ્રેમ કરનાર છું.' આવું જાણીને મનુષ્યને પરમ શાંતિ મળી જાય છે.

सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥

(ગીતા ૫/૨૮)

આ પ્રકારનાં ભગવાનનાં વચનો જાણવામાં આપણું શું જાય છે કે ભગવાન સર્વના સુહૃદ છે. ભગવાનનો સુહૃદ ન હોય તો હેતુ વિના પ્રેમ કરનાર, વિના કારણ દયા કરનાર સાચો સુહૃદ બીજો કોણ છે? જો આવું ન માનીએ તો આપણે મૂઢ છીએ, ગુણોમાં દોષ જોનારા ગુણ-ચોર છીએ. કૃતઘ્ન છીએ. કારણ કે હેતુરહિત જ દયા કરીને ભગવાને આપ્યો છે. ભગવાન હેતુ વિના પ્રેમ કરનારા છે, સાથી-મિત્ર છે. ચોર્યાસી લાખ યોનિમાં ફરતાં

ફરતાં આપણે ત્રાસી ગયા હતા, દયા કરીને પ્રભુએ મને માનવદેહ આપી દીધો, આ ભગવાનની કેટલી મોટી કૃપા છે. તેમ છતાં પણ આપણે તેમને સુહૃદ ન માનીએ તો આપણે કૃતઘ્ન છીએ. તુલસીદાસજી કહે છે –

આકર ચારિ લાખ ચૌરાસી । જોનિ ભ્રમત યહ જિવ અબિનાસી ॥
ફિરત સદા માયા કર પ્રેરા । કાલ કર્મ સુભાવ ગુન ઘેરા ॥

જીવોની ઉત્પત્તિ ચાર પ્રકારે થાય છે. સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ્જ અને જરાયુજ. પરસેવાથી ઉત્પન્ન થનાર સ્વેદજ છે. ઈંડામાંથી પેદા થનાર અંડજ કહેવાય છે જેમ કે પક્ષી, કીડી વગેરે. જમીનમાંથી પેદા થનાર ઉદ્‌ભિજ્જ હોય છે, જેમ કે વૃક્ષ, ઊધઈ વગેરે. ગર્ભથી જન્મનાર જરાયુજ છે – જેમ કે મનુષ્ય, પશુ વગેરે. આ જીવ કાળ, કર્મ સ્વભાવ તથા ગુણોથી ઘેરાયેલ, માયાથી પ્રેરિત ચોર્યાસી લાખ યોનિઓમાં ફરતાં ફરતાં ઈશ્વરની કૃપાથી માનવદેહ મેળવે છે. ભગવાન ગીતામાં પણ કહ્યું છે –

ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ ।
ભ્રામયન્સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા ॥

(ગીતા ૧૮/૬૧)

પરમાત્મા સર્વના અંતરમાં બિરાજમાન છે. આ શરીરરૂપી યન્ત્રમાં આરૂઢ થયેલાં સંપૂર્ણ પ્રાણીઓને અંતર્યામી પરમેશ્વર પોતાની માયા દ્વારા તેઓના કર્મો મુજબ ચોર્યાસી લાખ યોનિમાં ફેરવ્યા કરે છે. આવી દશા જીવોની છે. આથી મુક્તિ મેળવવા માટે ભગવાને ગીતામાં કહ્યું છે કે તુ સર્વ પ્રકારે તે પરમાત્માની શરણમાંની, તેમની કૃપાથી તું અચળ સ્થાનને પ્રાપ્ત થઈશ –

તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત ।
તત્પ્રસાદાત્પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્ ॥

(ગીતા ૧૮/૬૨)

પરંતુ ગીતા (૫/૨૯)માં કહે છે કે, જ્ઞાનમાત્રથી – ફક્ત મને સર્વ જીવનાં સુહૃદ માનવાથી જ શાંતિ પ્રાપ્ત કરે છે. **'सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति।' 'सुहृदं सर्वभूतानाम्'** આ ભગવાનના વચન માની લેવામાં કશું કરવાનું નથી, ભજન કરવાનું નથી, ધ્યાન ધરવાનું નથી, નિષ્કામ કર્મ પણ કરવાનાં નથી. ભગવાન હેતુ વિના જ દયા કરનારા – પ્રેમ કરનારા છે. આ પ્રત્યક્ષ છે. આપણે પોતાના ઉપર આ વાત મૂલવવી જોઈએ.

ચોર્સાસી લાખ યોનિઓમાં ભટકતા જીવ ઉપર પ્રભુ દયા કરીને માનવદેહ આપે છે –

कबहुँक करि करुना नर देही। देत ईस बिनु हेतु सनेही॥

(રામચરિતમાનસ ૭/૪૪/૬)

ભગવાન પરમ સ્નેહી છે. હેતુ વિના તેમને દયા આવી જાય છે. ભગવાન પ્રેમી છે - કારણ વિના જ પ્રેમ કરનારા છે. હેતુરહિત પ્રેમી છે, દયાળુ છે. હેતુ વિના દયા કરનારા છે. જે હેતુ વિના પ્રેમી હોય, દયા કરનારો હોય તેને સુહૃદ કહે છે. ભગવાન સુહૃદ છે તેથી જ તો જીવને દુઃખી જોઈને તેને માનવ દેહ આપે છે. આપણે બધા તે જ શ્રેણીમાં ચોર્યાસી લાખ યોનિમાં ભ્રમણ કરી કરીને ત્રાસી ગયા હતા. તેથી ભગવાને કારણ વિના જ દયા તથા પ્રેમ કરીને આ માનવદેહ આપણને આપ્યો. ભગવાને આપણને મનુષ્ય ન બનાવતાં પશુ બનાવી દેત, પક્ષી બનાવી દેત, જેમ કે ચકલી 'ચીં-ચીં' કરે છે તેમ આપણે પણ 'ચીં-ચીં' કરતા હોત. પશુ-પક્ષી કોઈ ઉપાય કરી શકે ખરાં? કે આપણે મનુષ્ય બની જઈએ આપણે પણ તેમાં સામેલ થઈ જઈએ. તેથી જ પરમાત્માને આપણે હેતુ રહિત દયાળુ માનવા જ જોઈએ. પશુ-પક્ષી તેવું ન માને તો ન માને, આપણે તો મનુષ્ય છીએ, વળી, આપણા પર પ્રભુની વિશેષ કૃપા થયેલ છે જેથી માનવદેહ મળેલ છે. માનવદેહ તો દેવતાઓ માટે પણ દુર્લભ છે –

બડ़े ભાગ માનુષ તનુ પાવા । સુર દુર્લભ સબ ગ્રંથન્હિ ગાવા ॥

(રામચરિતમાનસ ૭/૪૩/૭)

માનવદેહ અતિ ભાગ્યશાળીને મળે છે. જે દેવતાઓને પણ દુર્લભ છે. આ વાત શાસ્ત્રોમાં કહેવામાં આવી છે. માનવશરીર અતિ દુર્લભ છે, જે પરમાત્માએ આપણને આપેલ છે. આપણે તેમની ભક્તિ કરીએ નહિ, ભજન કરીએ નહિ, ધ્યાન કરીએ નહિ, તેમજ ભગવાનની સેવા પણ કરીએ નહિ પણ ઓછામાં ઓછું નાલાયક તો ન બનીએ. કારણ કે હેતુ વિના આપણા પર ઉપકાર કરનાર ભગવાનને આપણા સહૃદ તો ઓછામા ઓછા માનવા જ જોઈએ કે પ્રભુ મહાન મિત્ર છે, ભગવાને અપરંપાર કૃપા કરેલ છે, એટલું જ નહિ, ભગવાને આપણને ઉત્તમ દેશ, ઉત્તમ કાળ, ઉત્તમ જાતિ, ઉત્તમ ધર્મ, ઉત્તમ સંગનો મોકો પણ મેળવી આપ્યો છે.

આ સ્વર્ગાશ્રમ ઉત્તરાખંડની ભૂમિ વચ્ચે છે. એ 'માયાપુરી' તરીકે ઓળખાય છે. આ માયાપુરી કનખલથી લક્ષ્મણઝુલા સુધી છે. અહીં મૃત્યુ પામનાર તથા સત્સંગ કરનારને મોક્ષ મળે છે તેવું કહેવાય છે. આ ગંગાનો કિનારો ઉત્તરાખંડ છે. માયાપુરી પણ છે અને ગંગાનો કિનારો પણ છે. આથી ઉત્તમ દેશ અન્ય કયો હોઈ શકે? ઉત્તમ દેશ પણ છે અને ઉત્તમ કાળ પણ છે. કારણ કે કળિયુગ સર્વથી ઉત્તમ કાળ ગણાયો છે. વિષ્ણુપુરાણમાં કહેવાયું છે –

યત્ કૃતે દશભિર્વર્ષૈસ્ત્રેતાયાં હાયનેન તત્ ।
દ્વાપરે તચ્ચ માસેન હ્યહોરાત્રેણ તત્ કલૌ ॥

(૬/૨/૧૫)

સત્યયુગમાં દશ વર્ષ, ત્રેતાયુગમાં એક વર્ષ અને દ્વાપરયુગમાં એક માસ સાધના કરવાથી જે કાર્ય-સિદ્ધિ મળે છે તે કાર્યસિદ્ધિ કળિયુગમાં એક દિવસ માત્રની સાધનાથી પ્રાપ્ત થાય છે. કેટલી સરળતા છે.

કળિયુગ અવગુણોની ખાણ છે. પરંતુ પ્રભુની ભક્તિ કરવાથી તુરત જ ઉદ્ધાર થાય છે તે તેનો એક મહાગુણ છે. કળિયુગની તક મળેલ છે, હવે ભક્તિ કરવી તે આપણું કામ છે. તુલસીદાસજી કહે છે –

કલિજુગ સમ જુગ આન નહિં જૌં નર કર બિસ્વાસ ।
ગાઈ રામ ગુન ગન બિમલ ભવ તર બિનહિં પ્રયાસ ॥

[રામચરિતમાનસ ૭/૧૦૩ (ક)]

જો કોઈ વિશ્વાસ કરે તો કળિયુગ જેવો કોઈ યુગ નથી, ભગવાનના જે વિમલ ગુણ છે, વિશુદ્ધ ગુણ છે તેમને ગાવા માત્ર જ કોઈ પણ મહેનત વિના, પ્રયત્ન વિના જ મનુષ્ય સંસાર સાગરથી પાર થઈ જાય છે. આપણને ઉત્તમ કાળ પણ મળ્યો છે. દેશ તથા કાળ બન્ને મળી ગયા. આપણે મનુષ્ય થયા અને ભારતવર્ષમાં થયા - જે સમગ્ર પૃથ્વી પર ઉત્તમ ગણાય છે.

એતદ્દેશપ્રસૂતસ્ય સકાશાદગ્રજન્મનઃ ।
સ્વં સ્વં ચરિત્રં શિક્ષેરન્ પૃથિવ્યાં સર્વમાનવાઃ ॥

(મનુ. ૨/૨૦)

મનુ મહારાજ કહે છે – સમગ્ર વિશ્વના લોકો આધ્યાત્મિક બાબતોનું જ્ઞાન ભારત પાસેથી મેળવતા હતા. આવાં ભારતવર્ષમાં આપણો જન્મ થયો છે. આપણો ધર્મ ઉત્તમ એટલા માટે છે કે તેમાં કોલ-કિરાત પણ છે. વળી, તેમાં કેટલાક ધર્માવલંબી છે, વૈદિક સનાતન ધર્મ છે. સનાતન ધર્મ એ છે. જે પરાપૂર્વથી ચાલ્યો આવે છે તે જે શાશ્વત છે તેને સનાતન કહે છે. આ આપણો વૈદિક ધર્મ સદાથી છે. સદા શાશ્વત રહેશે. આવાં ધર્મમાં આપણે જન્મ્યા છીએ. આજકાલ સંસારમાં જેટલા ધર્મ છે તે સર્વ આધુનિક છે, સનાતન નથી. તમે જુઓ ઈસ્લામ ધર્મનો મુખ્ય ગ્રંથ-આદિગ્રન્થ 'કુરાન શરીફ' મનાય છે અને તેમના પયગમ્બર 'હજરત મુહમ્મદ' છે,

હવે વિચાર કરીને જોઈએ કે, તેમને કેટલાં વર્ષ થયાં, ચૌદસો વર્ષ. ચૌદસો વર્ષ પહેલાં સંસારમાં ન 'કુરાને શરીફ' હતો કે નહોતાં 'હજરત મુહમ્મદ.' ઈસુનો ધર્મ જેને આપણે ખ્રિસ્તી ધર્મ કહીએ છીએ, તેને આજે ૧૯૫૫ વર્ષ થયાં છે.* ૧૯૫૫ વર્ષ પહેલાં સંસારમાં ન તો ઈસુ હતા કે ન ઈસાઈ ધર્મ હતો. આમ, પહેલાં કશું નહોતું. તેઓ આજે કરોડોની સંખ્યામાં છે, આજે મુસલમાનો પણ કરોડોની સંખ્યામાં છે. પરંતુ ૧૯૫૫ વર્ષ પહેલાં, ૨૦૦૦ વર્ષ પહેલાં તેનું નામો-નિશાન પણ નહોતું. ગૌતમ બુદ્ધ થયા, તેમનો બૌદ્ધ ધર્મ છે. ૩૦૦૦ વર્ષ પહેલાં તેઓ પણ નહોતા. તેઓ પણ આજે કરોડોની સંખ્યામાં છે.

આપણો આ સનાતન ધર્મ શાશ્વત છે, જ્યારથી સંસાર છે ત્યારથી છે. આવા ધર્મમાં આપણે જન્મ્યા છીએ તે પણ ઈશ્વરની કૃપા છે. આ બધું હોવાથી પ્રભુની પ્રાપ્તિ માટે આપણે બધા તીર્થસ્થાનોમાં અહીં ભેગા થયા. તે પણ પ્રભુની કૃપા છે.

આ બધું હોવા છતાં પણ પ્રભુની પ્રાપ્તિ આપણને ન થાય તો ખૂબ જ નીચાજોણું-શરમની વાત છે. તુલસીદાસજી કહે છે –

જો ન તરૈ ભવ સાગર નર સમાજ અસ પાઈ।
સો કૃત નિંદક મંદમતિ આત્માહન ગતિ જાઈ॥

(રામચરિતમાનસ ૭/૪૪)

જે મનુષ્ય આવા સમાજને પ્રાપ્ત કરીને સંયોગ પ્રાપ્ત કરીને સાધન-સામગ્રી પામીને પણ ભવસાગર પાર કરે નહિ તે નિંદાને પાત્ર છે, તેની જેટલી નિંદા કરીએ તેટલી ઓછી છે. તે મૂર્ખ છે. તેની આત્મહત્યા કરનાર સમાન દુર્ગતિ થવી જોઈએ.

આ સર્વ વાતો લક્ષમાં રાખીને જે હેતુ માટે આપણને માનવદેહ મળ્યો છે, તે કાર્યને શીઘ્ર પૂર્ણ કરવું જોઈએ. એક પળ માત્રનો

* આ પ્રવચન સને ૧૯૫૫માં અપાયું હતું.

ભરોસો ન કરી શકાય કે કાળ અચાનક ક્યારે આવીને આપણો કોળિયો કરી જશે. આપણા હાથમાં આવી કોઈ ખાતરી – તામ્રપત્રપર લખેલી નથી. આપણામાં એવી કોઈ ક્ષમતા પણ નથી કે યમદૂતો આવે ત્યારે કહીએ કે, 'આવતી કાલે આવીશ. આજે ફુરસદ નથી' તેઓ તો આપણને બળજબરીથી પકડીને લઈ જશે.

સરકારશ્રીનું વૉરંટ આવે તો કદાચ લાંચ વગેરે આપીને છટકી પણ શકાય, પરંતુ યમરાજનું વૉરંટ આવે તો તેનાથી પછી બચી શકાશે નહીં. તે ક્યારે આવશે તેની કોઈ ખબર નથી, અચાનક આવશે. તેના આવ્યા પછી જ આપણને જાણ થશે. તેથી જ્યાં સુધી મૃત્યુ દૂર છે, વૃદ્ધાવસ્થા દૂર છે, શરીર નિરોગી છે ત્યાં સુધીમાં જે હેતુ માટે આપણે આવ્યા છીએ તે કાર્ય પૂર્ણ કરી દો.

આપણે ચોર્યાસી લાખ યોનિઓમાં ફર્યા. કોઈ યોનિ બાકી નથી. કોઈ લોક પણ બાકી રાખ્યો નથી. બધા લોકમાં ભટક્યા પરંતુ પરમાત્માની પ્રાપ્તિ થઈ નહિ. જો પરમાત્માની પ્રાપ્તિ થઈ જાત તો પછી ભટકવું પડત નહિ. જે ચીજ આજ સુધી મળેલ નથી તેને પ્રાપ્ત કરવા માટે આ માનવદેહ મળેલ છે. તેથી પરમાત્માને પ્રાપ્ત કરી લેવો જોઈએ. સ્ત્રી, પુત્ર, ધન આપણને શું કામ આવશે? શરીર શું કામમાં આવશે? પોતાનું કુટુંબ શું કામ આવશે? વૈભવ અને મકાન શું કામ આવશે? ભગવાને આ બધું સર્વની મદદ કરવા માટે આપણને આપેલ છે.

ભગવાન કહે છે કે આ મદદથી તું મારી પ્રાપ્તિ માટે પ્રયત્ન કર. આ બધું આપણને પરમાત્માની પ્રાપ્તિ માટે મળ્યું છે. હવે આપણે તેનો દુરુપયોગ કરીએ તો પછી દુર્ગતિ જ થશે. માનવદેહ આપીને, તક આપીને ભગવાને તો મોટી કૃપા કરી છે. આવા દયામય પ્રભુને આપણે ઓછામાં ઓછું દયાળુ તો માનીએ. દયાળુ માનવાથી જ આપણો બેડો પાર થઈ જાય છે, પરંતુ આપણે દયાળુ માનવા

પણ તૈયાર નથી. આવા કૃતઘ્ન થઈ ગયા છીએ એટલે દુર્ગતિ થઈ ગઈ. આથી ભગવાનની દયા પર ખાસ ધ્યાન આપવું જોઈએ. ભગવાનની કેટલી મોટી કૃપા છે, અપાર દયા છે. દયાના કારણે જ ભગવાન મળે છે. આપણે તો આમાં સાધન માટે નિમિત્તમાત્ર થવાનું છે.

ભગવાન અર્જુનને કહે છે – આ સર્વ સેનાને મેં પહેલેથી જ મારી નાખેલ છે, તારે તો માત્ર નિમિત્ત બનવાનું છે. યુદ્ધ માટે તૈયાર થઈ જા. અર્જુને માર્યાં છે તેવું કહેવાશે. નિમિત્ત માત્ર બનવામાં તારું શું જાય છે અને કદાચ તું નિમિત્ત નહિ બને તો પણ ભાઈ! મારે તો આ કાર્ય કરવાનું જ છે. આ સર્વ મરવાના જ છે. બીજા કોઈને ઊભો કરીશ. આ રીતે પ્રભુ અર્જુનને યશ આપે છે. આમ, ભગવાનની દયા તમામ કાર્ય કરવાવાળી છે. આ ભગવાનની દયા, આપણને નિમિત્ત માત્ર બનાવે છે. ભગવાનની પ્રાપ્તિ થશે સાધનથી જ, પરંતુ એ સાધનામાં આપણે નિમિત્ત બનવાનું છે. આ સાધન સ્વયં પોતાની મેળે ભગવાનની દયાથી થવા લાગશે. એવું આપણે માનવું જોઈએ. ભગવાન કહે છે – આ કૌરવ સેનાના સૈનિકો જીવતા દેખાય છે પરંતુ તેઓ મરેલા છે. આ મરેલાઓને તું માર. આમ, આપણે ભગવાનની પરમ કૃપા સમજવી જોઈએ અને તમામ કાર્ય તેમની કૃપાથી થવાનું છે. આપણે નિમિત્ત બની જઈશું તો તેમની દયાનો ફાયદો લઈ શકીશું. જે પોતા પર ભગવાનની દયા સમજશે તે ખૂબ ફાયદો મેળવી લેશે. ભગવાનને તો લોકોનું કલ્યાણ કરવું છે. જે નિમિત્ત બની જશે તે લાભ લઈ જશે અને જે નિમિત્ત નહિ બને તે બાકાત રહી જશે.

—■—

પ્રભુપ્રાપ્તિ કરાવનાર ખૂબ જ સરળ સુલભ સાધન

પ્રભુની પ્રાપ્તિ માટે શાસ્ત્રોમાં અનેક સાધન દર્શાવાયાં છે, પરંતુ તેમાં પણ એક એવું સરળ સાધન છે જેના કાર્યકાળમાં તથા લક્ષ્યપૂર્તિમાં આનંદ જ આનંદ છે. અન્ય સાધનોના કાર્ય-કાળ દરમ્યાન પહેલાં કષ્ટ થાય છે અને પરિણામે સુખ; પરંતુ આ સાધનમાં તો બંને સ્થિતિમાં આનંદ જ થશે. બધો સમય આનંદ અને પ્રસન્નતા રહેશે. અન્ય સાધનોમાં કષ્ટ થાય છે; પરંતુ આ સાધનમાં કષ્ટ પણ થશે નહિ. જે સાધનમાં થોડું ઘણું પણ કષ્ટ થતું હોય તેને કદાચ કેટલાક લોકો ન પણ કરે; પરંતુ જે સાધનમાં નામમાત્ર પણ કષ્ટ નથી તે સાધન કરવામાં કોઈ વાંધો હોવો જોઈએ નહિ; કારણ કે આમાં શાંતિ તથા આનંદ બંનેનો અનુભવ થાય છે. આમાં એક વિશેષ વાત એ પણ છે કે તેનાથી ક્યારેય મન ભરાતું નથી. નાનાં-નાનાં વિષયાનંદ માટે મનુષ્ય પ્રયત્ન તો કરે છે, પરંતુ ઈન્દ્રિયો દ્વારા આનંદનો ઉપભોગ કર્યા પછી તે ધરાઈ જાય છે. જેમ ભરપેટ ભોજન લીધા પછી વધારે સ્વાદિષ્ટ ભોજન ખાવાની ઇચ્છા રહેતી નથી, તેવું જ અન્ય વિષયોના આનંદની વાત છે, કારણ કે આ બધા સામાન્ય આનંદ છે. પરંતુ આ સાધનથી જે આનંદ મળે છે તે અલૌકિક છે અને ઓછો થતો નથી, પરંતુ ઉત્તરોત્તર વધતો જ રહે છે. છતાં પણ કોઈ આ સાધન ન કરે તો શું થઈ શકે?

આ સાધન ઘણું સુગમ, શાસ્ત્ર-સંમત તથા યુક્તિ-સંગત છે. તેમાં હર સમયે પ્રસન્ન તથા મુગ્ધ રહેવાનું છે. ભગવાનની આપણા પર

મોટી કૃપા છે; તેથી આપણું કલ્યાણ અવશ્ય થશે, તેમાં લેશમાત્ર પણ શંકા ન કરવી. હર સમયે પ્રભુનું સ્મરણ કરતાં કરતાં પ્રસન્ન રહેવું. સ્મરણમાં લીન થઈ જવું. પ્રસન્નતા અને આનંદ તો ભગવાનનું જ સ્વરૂપ છે. કોઈ પણ સ્વરૂપનું સ્મરણ કરો. કારણ કે બધાં ભગવાનનાં જ તો સ્વરૂપો છે. અથવા પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરો, કે પછી ભગવાનના કોઈ પણ સ્વરૂપનું જેમ કે – નારાયણ, રામચંદ્ર, શિવ, કૃષ્ણ તથા નિરાકાર વગેરે. કોઈ એવું કહે કે ભગવાનના સ્મરણમાં બરાબર આનંદ આવતો નથી, આનંદ ન આવતો હોય તો ન આવે, પરંતુ શાસ્ત્રો તેને આનંદઘન જ કહે છે. તેથી ભગવતસ્મરણમાં આનંદ જ આનંદ છે, તે સિવાય બીજું કશું નથી એ સિદ્ધ છે. આનંદ પ્રતીત ન થવો તે આપણી માન્યતા છે.

જો સાધક માત્ર માની લે કે ભગવત્-સ્મરણમાં આનંદ છે તો આગળ જતાં તેને આનંદનો અચૂક અનુભવ થશે' તેમાં શંકાની કોઈ વાત જ નથી. માનવામાં જ કલ્યાણ છે. ભગવાન દયાસાગર છે. 'ભગવત્-સ્મરણમાં આનંદ આવે છે' તેવું માનવાથી ભગવાન તેને આનંદની પ્રતીતિ તે દયામય હોવાથી જરૂર કરાવશે. તેમના દયાળુપણામાં સર્વ વાતોની સંભાવના છે. આ સાધનથી કલ્યાણ અવશ્ય થશે; કેમ કે પ્રભુની દયા અપરંપાર છે. તેની કોઈ સીમા નથી.

ભગવતસ્વરૂપની સાથોસાથ તેમના ગુણ, પ્રભાવ, રહસ્ય, તત્ત્વ વગેરેની વાતોનું સ્મરણ કરો અને તેમાં જ લીન રહો. તેમનું સ્વરૂપ જોઈને તેમાં વિભોર બનો. ભગવાન આનંદના સાગર છે. પોતાને સદા આનંદમાં ડૂબાડી રાખો. તેમાંથી બહાર આવો જ નહિ, ડૂબેલા રહો કારણ કે ભગવાન આનંદસ્વરૂપ છે. જો તેમનાં જ સ્વરૂપમાં ડૂબેલા રહેશો તો આનંદ તો અવશ્ય મળશે. મન માને નહિ તેની પરવા ન કરો. આનંદ સાગરમાં ડૂબ્યા જ રહો. ન રહી શકો તો એવું માનો કે 'આ સાધનમાં તથા તેના પરિણામમાં આનંદ જ આનંદ છે. આનંદ

સિવાય બીજું કાંઈ તેમાં નથી. એટલું જ નહિ આનંદ સિવાય અન્ય કોઈ વાતની તેમાં સંભાવના પણ નથી.

ભગવાનની અત્યંત કૃપા છે. ભગવાને જો માનવ જન્મ આપ્યો ન હોત તો આપણે સ્વયં શું કરી શક્યા હોત. તેમના પર આપણું શું જોર હતું. પર્વતો તથા તેના પર દૃશ્યમાન વૃક્ષો તરીકે જન્મ આપ્યો હોત તો શું કરી શક્યા હોત. પરંતુ આ ભગવાનની અપાર દયા છે કે આપણને માનવદેહ આપ્યો છે પછી ભગવાનના સ્મરણમાં લીન શા માટે ન થઈએ? આપણો જન્મ આર્યાવર્તમાં થયો કે જે આધ્યાત્મિકતાથી સભર ભૂમિ છે. બીજે બધે ભોગ-ભૂમિ છે. આ જ એક અધ્યાત્મભૂમિ છે જેમાં આપણો જન્મ થયો છે. કેટલી પ્રશંસનીય વાત છે. બીજે જન્મ થયો હોત તો આપણે શું કરત? આની સાથોસાથ આ ગંગાજીનો કિનારો અને તેની રેતીમાં ભગવતચર્ચાનો સુઅવસર.* આટલી સર્વ વાતો એકસાથે ભેગી થાય ત્યાં કલ્યાણમાં કોઈ શંકા હોય જ નહિ. 'કલ્યાણ તો અવશ્યંભાવિ છે' તેવું માનવામાં શું મુશ્કેલી છે! કલ્યાણ અવશ્ય થશે, 'પરંતુ તે થવું કઠિન છે' એવું કોઈ કહે તો વિચારીએ કે આમાં મુશ્કેલી ક્યાં છે? ભગવાન દયાસાગર છે. દરિયામાંથી ગમે તેટલા લોટા પાણી કાઢવામાં આવે તો શું તેમાંથી ઓછું થાય છે? કદાપિ નહિ. જે મનુષ્ય 'પોતાનું કલ્યાણ અવશ્ય થશે' તેવું નક્કી કરી લે તેનું કલ્યાણ થવામાં લેશમાત્ર પણ શંકા નથી. તેનું કલ્યાણ તો થશે જ. પરંતુ કદાચ 'કલ્યાણ થાય કે ન પણ થાય' તેવું જેને લાગે તેનાં કલ્યાણમાં શંકા જ સમજો.

ભગવાન તો સમસ્ત જીવ-સમૂહ પર અહૈતુકી જ દયા કરે છે. તેમ છતાં ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે ભગવાન! મારી કોઈ લાયકાત નથી. મને નિમિત્ત બનાવી આપને જે કંઈ કરવું હોય તે આપ કરી લો. હું કરી જ શું શકું છું અને જે કાંઈ મારાથી થાય છે

---

* આ પ્રવચન સ્વર્ગાશ્રમ - ગંગાતટે આપવામાં આવ્યું હતું.

તે સર્વ આપની દયાનું જ ફળ છે.

મનુષ્ય જેને પ્રસન્ન કરવા ઇચ્છે છે, તેની જ સ્તુતિ કરે છે, તેનાં જ ગુણગાન ગાય છે. આપણે કોઈ માનવને તો પ્રસન્ન કરવાનો હેતુ નથી, આપણે તો માત્ર પ્રભુને જ પ્રસન્ન કરવાના છે. તેથી આપણે તેમની પ્રાર્થના કરવી જોઈએ. સ્તુતિ સમયે પ્રેમ ભલેને ન હોય તો તેની કોઈ પરવાહ નથી પરંતુ સ્તુતિ અવશ્ય કરવી જોઈએ. આપણામાં પ્રેમભાવનાનો અભાવ હોવા છતાં ભગવાને તો મારી સાથે પ્રેમ કરવો જ પડશે અને ભગવાન કરશે જ તેવી શ્રદ્ધા ભગવાન પર રાખો. કોઈ વ્યક્તિ એવું કહે કે તેની શ્રદ્ધા કોઈ અન્ય એક વ્યક્તિ પર છે – મારા ઉપર છે તો જો કોઈ મારા પર વિશ્વાસ રાખે કે તેને જે વસ્તુ જોઈએ તે હું તેને અવશ્ય આપીશ તો મારો પ્રયત્ન હશે તેની મારા પર શ્રદ્ધા ઓછી ન થાય અને તે વિચારથી હું તેને તે વસ્તુ આપીશ. જો મનુષ્યોમાં આવું જોઈએ છીએ ત્યારે વિના પ્રેમે પણ તમે ભગવાનની સ્તુતિ કરીશો તો શું ભગવાન આપની સાથે પ્રેમ કરવા વિવશ નહિ થાય? અવશ્ય થશે. તેમાં સંદેહ ક્યાં છે? એટલું જ નહીં, ભગવાને બધી જ મદદ કરવી પડશે અને તેઓ કરશે. કારણ કે તેમના સિવાય બીજું કોણ મદદ કરશે? એટલું જ નહિ તેઓ તમારા પર વિશેષ પ્રેમ દાખવી તમને ખાતરી કરાવી દેશે. તેમનો તમારા માટે એટલો પ્રેમ તીવ્ર હશે કે તેઓ તમને મળ્યા વિના રહી શકે જ નહિ. ભગવાન આટલા દયાળુ છે. પ્રશ્ન એ છે કે ભગવાન આટલા દયાળુ છે તો તુરત જ મળતા કેમ નથી? ભગવત-મિલનમાં જે કાંઈ પણ વિલંબ થઈ રહેલ છે તે તમારા હિતમાં જ છે તેવી શ્રદ્ધા રાખો. તેમાં કોઈ સંદેહ નથી. ભગવાનને મળવામાં થતા વિલંબને લીધે તમારી વ્યાકુળતા વધી જાય છે. ભગવાનની દયાનો મનુષ્ય સાચો અંદાજ કાઢી શકતો જ નથી. જેટલી દયા તેના સમજણમાં આવે છે ખરેખર તેનાથી અનેકગણી વધારે ભગવાનની દયા હોય છે. એટલું જ નહિ ભગવાનની વાસ્તવિક દયાનો ક્યાસ માનવ કાઢી શકે જ નહિ, તેટલી

તેમની દયા હોય છે. તેમની દયાનો અનુભવ કરવામાં જે આનંદ છે તેવો આનંદ વિષયભોગમાં તમને મળી શકતો જ નથી.

અંતઃકરણમાં જો આનંદ ન જણાતો હોય તો ભલે ન જણાય પણ તમે સાચી કલ્પના જ કરી લો કે અંતઃકરણ પ્રસન્નતાથી પૂર્ણ છે તો તમારો આ સંકલ્પ સાચો થઈ જશે. ભગવાનની દયાથી આ સંકલ્પ સાચો થઈ જાય છે, તેમાં કોઈ સંદેહ નથી. ગીતામાં કહ્યું છે –

પ્રશાન્તમનસં હ્યેનં યોગિનં સુખમુત્તમમ્ ।
ઉપૈતિ શાન્તરજસં બ્રહ્મભૂતમકલ્મષમ્ ॥

(ગીતા ૬/૨૭)

જેમનું મન સારી રીતે શાંત છે, જે છળકપટ રહિત છે, જેમનો રજોગુણ શાંત થયેલ છે—તેવા સચ્ચિદાનંદઘન બ્રહ્મની સાથે એકત્વ પામેલ યોગીને અતિ ઉત્તમ આનંદ પ્રાપ્ત થાય છે.

યુઞ્જન્નેવં સદાત્માનં યોગી વિગતકલ્મષઃ ।
સુખેન બ્રહ્મસંસ્પર્શમત્યન્તં સુખમશ્નુતે ॥

(ગીતા ૬/૨૮)

પાપરહિત યોગી આ પ્રમાણે નિરંતર આત્માને પરમાત્મામાં જોડતો સુખપૂર્વક પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિરૂપ અનંત આનંદનો અનુભવ કરે છે. સાધનમાં સુખ અને પરિણામમાં પરમસુખની પ્રાપ્તિમાં કોઈ શંકાને સ્થાન નથી. આ શબ્દો પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણના છે. ભગવાનના વચન ક્યારેય અસત્ય થઈ શકે નહિ. પ્રત્યક્ષ સાધન કરો અને તેનાં સત્યતાની પરીક્ષા કરો. જ્યારે આ આનંદમાં તમને રસ પડવા માંડશે તો પછી અન્ય કોઈ સાધન માટે તમને વિચાર પણ નહિ આવે. પ્રસન્નતામાં એટલું લીન રહેવું કે કોઈ પણ વાતની ચિંતા થાય જ નહિ. ભગવાનની શરણે ગયા પછી ચિંતાનું શું કામ? ભગવાનનું શરણ લીધા પછી ચિંતા નજીક પણ આવી શકતી નથી. પ્રસન્નતામાં તો જીવન-મૃત્યુની પણ દરકાર રહેતી નથી. તે તો માત્ર તેમાં જ લીન રહે છે. ત્યારે તેને નથી જીવનનું કોઈ પ્રયોજન કે નથી

મૃત્યુમાં. તે તો જીવવા કે મરવાની ઇચ્છા જ કરતો નથી. ત્યાં તો કોઈ પણ પ્રકારની સંસારની ઇચ્છાઓનો અભાવ જ રહે છે. જ્યારે આનંદમાં મનુષ્યની આવી દશા થાય છે ત્યારે સ્વયં ભગવાન તેની સંભાળ લે છે. આના માટે આધાર શું છે? પ્રભુનો પ્રેમ અને તેમની દયા જ આધાર છે. તેનાથી વિશેષ આધાર વળી કેવો? બાળકને કોનો આધાર હોય છે? એકમાત્ર પોતાની માતાનો! બાળક દૂધ માટે રડે છે તો તુરત જ માતા તેને દૂધ પીવડાવે છે. કોઈકવાર માતા મોડી પણ પડે; પરંતુ શું ભગવાન આવો વિલંબ કરી શકે છે? અને કદાચિત કરે છે તો તેમાં પણ આપણું વિશેષ કલ્યાણ છે તેમ માનવું જોઈએ.

ભગવાન સર્વજ્ઞ છે. આપણું સાચું શ્રેય શેમાં છે, તે તેઓ જાણે છે; તેથી તેમના પર દૃઢ વિશ્વાસ કરીને કોઈ પણ વાતની ચિંતા રાખવી નહિ. જેમ મૂંગો સાકર ખાઈને આનંદમાં મુગ્ધ થઈ જાય છે, તેવી જ રીતે ભગવાનની દયાનો વિચાર કરીને તેમાં ડૂબી જવું જોઈએ. અન્ય કોઈ વાતનો વિચાર કરવો જોઈએ નહિ. જેમાં ભગવાન રાજી તેમાં આપણે રાજી રહેવું. પછી ભગવાન ભલેને ખાડામાં કેમ ન નાખે, તેમાં કોઈ વાંધો નથી. તેમાં ખુશ રહો. તે આનંદના સાધનનો સ્વયં જોર-શોરથી પ્રચાર કરો, જેના પરિણામે સર્વ લોકો આનંદમાં મુગ્ધ બની જાય. સાધકે તો એવું મુગ્ધ થવું જોઈએ કે તે સમયે તેને કોઈ અગ્નિની જ્વાળાઓ વચ્ચે બેસાડે તો પણ તેને ખબર ન પડે. પ્રશ્ન એ છે કે આવી સ્થિતિમાં વિકાર ઉત્પન્ન થવાની સંભાવના રહે તો આમાં વિકાર ઉત્પન્ન થવા માટે કોઈ કારણ નથી. મુર્ખાઈના કારણે જ વિકાર થવો સંભવ છે. તેથી દરેક વ્યક્તિ, યથાશક્તિ આ સાધન ભગવાનની અપાર દયાનો અનુભવ કરીને મુગ્ધ થતો રહે. આથી આ સાધન જેટલો સમય તે કરી શકશે, આનંદ મળશે, પરિણામે આનંદની પ્રાપ્તિ થશે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

—■—